માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Year : 12 • Issue : 01 : June, 2021




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ

## સલાહકાર મંડળ

1. **શ્રી એ. જે. શાહ** (આઈએએસ)
અધ્યક્ષશ્રી

2. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
સભ્યશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી ડી. એસ. પટેલ**
સચિવ અને તંત્રી
2. **શ્રી બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક અને સહતંત્રી
3. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી


## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ.400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂનથી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું :
સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
સેક્ટર–10–બી, ગાંધીનગર–382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

1. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર–10–બી, ગાંધીનગર–382010ને નામજોગ મોકલવા.
2. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જરૂરી છે.
3. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
4. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
5. સામયિકમાં પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
6. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ.200/- પુરસ્કાર આપવામાં આવશે.
7. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
8. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.

- 'મનુષ્ય ગમે તેટલો જ્ઞાની, વિરક્ત, ધાર્મિક કે જિતેન્દ્રિય હોય તો પણ તે યોગ વગર મોક્ષ મેળવી શકતો નથી.' **(બ્રહ્માંડ પુરાણ)**
- 'યોગ સાધના થકી જ વાસ્તવિક જ્ઞાનપ્રાપ્તિ થાય છે. યોગ જ ધર્મનું લક્ષણ છે અને યોગ જ પરમ તપ છે.' **(અગ્નિસંહિતા)**
- 'યોગ : કર્મસુ કૌશલમ્ !' 'કર્મયોગ એ વાસ્તવમાં મોટું રહસ્ય' **(ભગવદ્ ગીતા)**

- 'ઈન્દ્રિયોને સંયમિત રાખવાની શક્તિ યોગથી પ્રાપ્ત થાય છે.' **(ચાણક્ય)**
- 'ધ્યાન સમાન અન્ય કોઈ જ તીર્થ નથી.', 'તમામ શક્તિ તમારી અંદર જ છે, તમે કાંઈપણ અને બધું જ યોગ વડે કરી શકો છો.' **(સ્વામી વિવેકાનંદ)**
- 'દૃષ્ટાનો આત્મામાં અને આત્માનો પોતાના સ્વરૂપમાં એકરાર થવો એ જ યોગ છે.' **(મહર્ષિ પતંજલિ)**

- 'યોગ એટલે પરમાત્માની વિશુદ્ધ ભક્તિ.' **(ભક્તિયોગ)**
- 'યુવાન, વૃધ્ધ, અતિ વૃધ્ધ, રોગી, દુર્બળ કોઈપણ દ્વારા યોગથી સિદ્ધિ મેળવી શકાય છે.' **(હઠયોગ)**
- 'યોગ એટલે વાયુરહિત સ્થાનમાં રહેલા દીવાની સ્થિર જ્યોતિ સમાન ચિત્તની સ્થિરતા.' **(ધ્યાનયોગ)**


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને સાદર નમસ્કાર. શિક્ષણ એક પવિત્ર વ્યવસાય ક્ષેત્ર છે. શિક્ષણ તો પરિવર્તનનું વિધાયક અને અહિંસક સાધન પણ છે. કુટુંબના સભ્યો અને શાળા પરિવાર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ શિક્ષણ લેતાં બાળકોનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. માત્ર શાળા દ્વારા લેવાતી કસોટીઓ કે પરીક્ષાઓના ગુણને કેન્દ્રમાં ન રાખતા બાળકની તન-મનની તંદુરસ્તીનો, તેના શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસનો વધુ ખ્યાલ રાખીએ એ ખૂબ જરૂરી બાબત ગણાય છે.

સાચું શિક્ષણ એ કહેવાય કે જે અભ્યાસ, માહિતી, જ્ઞાન સાથે આધ્યાત્મિક દૃષ્ટિ આપે, બાળકમાં સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક મૂલ્યો ખીલવે. ખરી કેળવણી બાળકના ચારિત્ર્યનો વિકાસ કરવામાં છે. આ બાબતે ઊંડો વિચાર અને નવો પ્રકાશ શિક્ષણની નવી રાષ્ટ્રીય નીતિમાં પણ દર્શાવેલ છે.

સમગ્ર વિશ્વમાં પર્યાવરણના સંરક્ષણ માટે, સંવર્ધન માટે અને તે અંગેની સભાનતા આવે તે હેતુથી 5મી જૂનના દિવસને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં પર્યાવરણના જતન અંગેના સંસ્કારસિંચન માટે શાળા કક્ષાએ શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે તે ઇચ્છનીય છે. “Save trees to save ourselves”.

કોવિડ-19ની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા ધોરણ 10 અને 12 (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)ની પરીક્ષા રદ કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા ધો-10માં નોંધાયેલ નિયમિત ઉમેદવારોને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારશ્રીએ નિયુક્ત કરેલ સમિતિ દ્વારા ધો-10ના વિદ્યાર્થીઓને આપવાના ગુણપત્રક અંગે આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વહીવટી કર્મચારીગણને બાયસેગના માધ્યમથી તાલીમ પણ આપવામાં આવી. એ મુજબ નિયત કરેલ સમયમર્યાદામાં આપ સૌએ શાળાકીય કસોટીઓ કે પરીક્ષાઓ આધારિત 80 ગુણના મૂલ્યાંકન પત્રક મુજબ તથા શાળાકીય આંતરિક 20 ગુણના મૂલ્યાંકન મુજબ કાર્યવાહી ચોકસાઈથી અને તટસ્થપણે કરી હશે. આ અંગેનો એક વિગતવાર પરિપત્ર પણ તમામ શાળાઓને મોકલી આપવામાં આવેલ છે. જેની વિગત આ અંકમાં મૂકેલ છે. આ અંગે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં આવે તે આવશ્યક છે.

તા.7-6-2021 થી શૈક્ષણિક વર્ષ 2021-22નું નવું સત્ર શરૂ થયેલ છે. કોવિડ-19ની મહામારી અને પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ 2021-22માં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધેની સૂચનાઓ શિક્ષણ વિભાગના તા.05-06-2021ના ઠરાવ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ Home Learning ના કાર્યક્રમ અંતર્ગત બાયસેગના માધ્યમથી પ્રસારિત થતા વંદે ગુજરાત ચેનલ તેમજ ડી.ડી.ગિરનાર, દૂરદર્શનના માધ્યમથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવામાં આવેલ છે. જે અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપશો.

સમગ્ર શિક્ષાની કચેરી દ્વારા નવા શૈક્ષણિક સત્રના પ્રથમ એક માસ દરમિયાન ધોરણ-9 અને ધોરણ-10ના વિદ્યાર્થીઓને ''બ્રિજકોર્સ ક્લાસરેડીનેસઃ જ્ઞાનસેતુ'' સાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવા માટેના એપિસોડ તૈયાર કરાવવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.01-06-2021ના પરિપત્ર દ્વારા ઉક્ત ધોરણ માટેના ''બ્રિજકોર્સ ક્લાસરેડીનેસઃ જ્ઞાનસેતુ'' કાર્યક્રમના દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર અને વંદે ગુજરાત ચેનલ પરથી પ્રસારણના સમય અંગે પણ જાણ કરવામાં આવેલ છે. ધોરણ-9 અને ધોરણ-10 વિદ્યાર્થીઓ ઉક્ત કાર્યક્રમ દ્વારા અધ્યયન પ્રક્રિયા કરે તે માટે તેઓને શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે તે માટે ખાસ અનુરોધ કરવામાં આવે છે.

જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યોના હેતુઓ સાથે બાળકોમાં સમજશક્તિ, અર્થગ્રહણ અને અર્થઘટન શક્તિ વિકસે તેવું સુંદર, રસપ્રદ, પ્રેરણાદાયી અને સૌના માટે એક દૃષ્ટાંતબોધ પ્રેરક શિક્ષણકાર્ય આગામી સમયમાં થાય એવી અંતરની શ્રદ્ધા સાથે વિશ્વાસ પણ છે કેમ કે એ થકી જ સૌને ઉત્તમ પરિણામો પ્રાપ્ત થતાં હોય છે.

આપ સૌને નવા શૈક્ષણિક વર્ષ 2021-22 ની ખૂબ ખૂબ શુભકામનાઓ.

**એ.જે.શાહ**

તા. 20-06-2021 **અધ્યક્ષ**

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | કેળવણી જ કરે પર્યાવરણની ખિલવણી અને જાળવણી | કમલેશ શુકલ | 4 |
| 2. | વહીવટી વિભાગ : : પરિપત્રો | સંકલન | 7 |
| 3. | ધોરણ-9 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 55 |
| | ધોરણ-10 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 57 |
| | ધોરણ-11 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 59 |
| | ધોરણ-12 BISAG - શૈક્ષણિક કાર્યક્રમો | - | 61 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સ્નેહભર્યા પ્રણામ. શૈક્ષણિક વર્ષ 2021-22નો જૂન માસનો આ અંક આપ સૌને અભ્યાસ, વાચન અને અવલોકન માટે પ્રસ્તુત કરતા આનંદ અનુભવું છું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત થતું આ મુખપત્ર તેના પ્રકાશનના 44મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે ત્યારે મૅગેઝિનના વાચકમિત્રો, દર વર્ષે તેનું નિયમિત લવાજમ ભરનાર ગ્રાહકમિત્રો, શૈક્ષણિક લેખોનું સમયસર પ્રદાન કરનાર તેના લેખક-અધ્યાપક મિત્રો, ભાવ-પ્રતિભાવ પાઠવનાર ભાવકમિત્રો, રાજ્યની તમામ રજિસ્ટર્ડ શાળાઓના આચાર્યમિત્રો, કર્મયોગી શિક્ષકમિત્રો, બોર્ડના પદાધિકારીમિત્રો, સભ્યશ્રીઓ તથા આ સામયિકનું મુદ્રણ કાર્ય કરનાર તેના કર્મચારીગણ- સૌનો આ અંકના પ્રકાશન સાથે આભાર વ્યક્ત કરું છું. આગામી વર્ષે પણ આપ સૌનો અનેરો ને અપૂર્વ સાથ-સહકાર મળી રહેશે એવી શ્રદ્ધા સાથે વિશ્વાસ છે. જૂનના આ પ્રથમ અંકથી જ આપ સૌએ તેનું નિયત લવાજમ ભરી દીધું હશે. લેખ મોકલો ત્યારે તથા આ મૅગેઝિનનો કોઈ અંક ન મળે ત્યારે આપનું તથા આપની સંસ્થાનું પૂરું, પીનકોડ નંબર સાથેનું સરનામું, આ મૅગેઝિનનો આપનો ગ્રાહક નંબર, મોબાઈલ કે સંપર્ક નંબર અવશ્ય મોકલવા વિનંતી છે.

કોરોના વાયરસની મહામારીમાં સરકારશ્રીની ગાઈડલાઈનનું પાલન કરીને જ કોરોનાના સંક્રમણની ચેઈન તોડી કોરોનામુક્ત થઈ શકાશે. કોવિડ-19ની પરિસ્થિતિમાં સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને ધોરણ-10 અને ધોરણ-12ના તમામ પ્રવાહની બોર્ડની જાહેર પરીક્ષા રદ કરવામાં આવી. સરકારશ્રી દ્વારા ધો-10માં નોંધાયેલ નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા .

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સરકારશ્રીના નિર્ણય અન્વયે તા.03-06-2021ના પરિપત્ર દ્વારા ધોરણ-10 બોર્ડની જાહેર પરીક્ષા-2021 માટે માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા બાબતે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે શાળાઓને જાણ કરવામાં આવેલ છે. ઉક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. 05-06-2021ના રોજ બાયસેગના માધ્યમથી તમામ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વહીવટી સ્ટાફને પરિણામ તૈયાર કરવાની સમજ આપવામાં આવેલ છે. તેમજ પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાનાર તમામ આધારોનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિ મારફતે વેરીફિકેશન કરવા અંગે પરિપત્ર દ્વારા જણાવેલ છે. ઉક્ત વિગતે પરિણામ તૈયાર કરવા માટેના તમામ આધારોની જિલ્લા કક્ષાએ ચકાસણી કરવાની રહેશે.

ગત વર્ષથી કોવિડ-19ની પરિસ્થિતિમાં બાળકો શાળામાં શિક્ષણને બદલે ઘેરબેઠાં ઑનલાઈન શિક્ષણ મેળવી રહ્યાં છે. શિક્ષકો પણ ‘લર્નિંગ વ્હાઈલ સર્વિસ’ના કાર્યક્રમમાં જોડાઈને ઑનલાઈન ઍજ્યુકેશન આપવા સજ્જ થયાં છે. શૈક્ષણિક વર્ષ 2021-22 માટે રાજ્ય સરકાર દ્વારા ‘હોમ લર્નિંગ’ અંગેની આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરીને વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવે તે ખૂબ જ આવશ્યક છે. બાયસેગના માધ્યમથી પ્રસારિત થતા ‘વંદે ગુજરાત’ ચેનલ પરના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ દૂરદર્શન, ‘ડી.ડી. ગિરનાર’ ચેનલ પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ વિદ્યાર્થીઓ મેળવે તે માટે તેઓને જાણકારી આપશો. બોર્ડની ‘યૂ-ટ્યુબ’ ચેનલ ‘GSHSEB Gandhinagar’ પર પણ ધોરણ-9 થી 12ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE/NEETના કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે જેનો લાભ વિદ્યાર્થીઓ મેળવે તે માટે તેઓને આ અંગે માહિતગાર કરશો.

આશા રાખીએ કે શૈક્ષણિક વર્ષ 2021-22નો આગામી સમય સૌ કોઈ માટે આશાસ્પદ, ફળદાયી, લાભદાયી બની રહે એવી પ્રભુ પરમાત્માને પ્રાર્થના કરીએ.

**ડી.એસ.પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-06-2021

# કેળવણી જ કરે પર્યાવરણની ખિલવણી અને જાળવણી

**કમલેશ શુકલ**

5 જૂન વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે. આમ તો જો દરેક દિવસ વિશ્વ પર્યાવરણ દિન બની જાય તો પૃથ્વી સ્વર્ગ બની જાય. પર્યાવરણનું જતન અને સંવર્ધન કરવું એ પ્રત્યેક માનવીની ફરજ છે. પર્યાવરણના બીજા તમામ તત્ત્વો પક્ષીઓ, પ્રાણીઓ જીવજંતુઓ પર્યાવરણને સંપૂર્ણ વફાદાર છે. તેઓ જાણે- અજાણે ક્યારેક પર્યાવરણને નુકસાન કરતાં નથી બલ્કે પર્યાવરણને પ્રેરક, પોષક અને પૂરક બને છે.

બાળપણથી જ બાળકમાં પર્યાવરણના મહત્ત્વ અંગેની સભાનતા કેળવાય તે જરૂરી છે. કુટુંબ અને શાળા આ બાબતમાં ખૂબ જ મહત્ત્વનું પ્રદાન, યોગદાન આપી શકે. બાળકો જેવું જુએ છે એવું જ આચરે છે કારણ કે બાળકોમાં અનુકરણશક્તિ ખૂબ જ હોય છે. જો ઘરમાં માતા- પિતા અને શાળામાં ગુરુજીઓ પર્યાવરણ પ્રત્યે સભાન અને સંવેદનશીલ હશે તો બાળકોને પર્યાવરણના પાઠ શીખવવા પડતા નથી.

કેળવણી દ્વારા જ પર્યાવરણની જાળવણી અને ખિલવણી થાય છે. કેળવણી જ વિકૃતિનું વિસર્જન, સંસ્કૃતિનું સર્જન અને પ્રકૃતિનું જતન અને સંવર્ધન કરે છે. કેળવણી જ માનવીને માનવ બનાવે છે.

આપણું પર્યાવરણ શુદ્ધ અને સમૃદ્ધ બને તેનું ચિંતન આવશ્યક જ નહીં, અનિવાર્ય છે. બાળપણથી જ બાળકોમાં પર્યાવરણ પ્રત્યે ભાવ અને લગાવ વધે તે જરૂરી છે. આપણું પર્યાવરણ જ્યારે આપણું રક્ષક, પોષક અને આશ્રયદાતા હોય ત્યારે પ્રકૃતિ સાથેની સંવાદિતા (Harmony with Nature) કેળવાય તે જરૂરી છે.

યાદ રહે આપણે પ્રકૃતિ કે કુદરતના નોકર છીએ, માલિક નહીં. પ્રકૃતિનું દોહન કરવાનું છે, શોષણ નહીં. આપણે પ્રકૃતિનું જતન, સર્જન અને સંવર્ધન કરવાનું છે, ખંડન કે વિસર્જન નહીં. પૃથ્વી આપણી Need (જરૂરિયાત) માટે છે, Greed (લોભ) માટે નહીં. Economy અને Environment એક સિક્કાની બે બાજુ જેવાં છે.

જે વ્યક્તિ પ્રકૃતિને પ્રેમ કરી શકતો નથી તે જીવનમાં કોઈપણ વસ્તુને પ્રેમ કરી શકતો નથી. પ્રકૃતિ એ સર્જનહારની શ્રેષ્ઠ કૃતિ અને આકૃતિ છે. સરિતા અને સવિતા સર્જનહારની શ્રેષ્ઠ કવિતા છે, ગીતા અને સંહિતા છે. જીવન શબ્દ સાથે જ 'વન' શબ્દ સંકળાયેલો છે. વન અને ઉપવનથી જ આપણું જીવન પાવન અને મનભાવન બને છે. વનમાં વૃક્ષ ના હોય અને જીવનમાં સંત ના હોય તો પાપ, તાપ અને સંતાપનો અંત ના હોય !

It is our duty to save environment beauty

રવીન્દ્રનાથ ટાગોર લખે છે :

મેં વૃક્ષને કહ્યું : ''મને ભગવાન વિશે કશું કહેશો ?'' અને વૃક્ષ ખીલી ઊઠ્યું.

"હે મારા આત્મા. શાંત થા. આ વૃક્ષો એ જ પ્રાર્થના છે."

આદિ - અનાદિકાળથી ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિની પૂજક આરાધક અને ઉપાસક રહી છે. પ્રત્યેક દેવી-દેવતાએ કોઈને કોઈ પશુ-પંખીને પોતાનું વાહન બનાવ્યું છે. આપણાં શાસ્ત્રોએ પણ પ્રકૃતિના પાંચ તત્ત્વો - જળ, અગ્નિ, વાયુ, પૃથ્વી અને આકાશના ખૂબ જ ગુણગાન ગાયાં છે. ગાય અને નદીને માતા કહ્યાં છે. સાગર અને પર્વતને પૂજ્ય માન્યાં છે. અથર્વવેદનો શાંતિમંત્ર પણ પર્યાવરણની શાંતિનો જ સંદેશો આપે છે. વેદો મનુષ્ય અને કુદરતનાં ઐક્યનાં ગાન ગાય છે. અથર્વવેદ આપણને એક મહાન વિચાર આપે છે - યત્ર વિશ્વમ્ ભવતિ એક : નીડઃ।

સંતો કહે છે - વેદ ના વાંચતા આવડે તો વાંધો નહીં પણ જે દિવસે કોઈની વેદના વાંચતા આવડી ગઈ તોપણ જીવન ધન્ય થઈ જાય.

**ધૈર્ય એ સૌથી મોટી પ્રાર્થના છે. - ભગવાન બુદ્ધ**

કાકાસાહેબ કાલેલકરે એક ચિત્ર દોરેલું. તેમાં એક બાજુ ગાય અને બીજી બાજુ ઝૂંપડી મૂકવામાં આવી છે. અમે એકબીજાના સહકારે અને આધારે જીવન જીવીએ છીએ તે આ ચિત્ર દ્વારા દર્શાવવાનો હેતુ હતો. આ આપણી ભારતીય સંસ્કૃતિ. ભારતીય સંસ્કૃતિ એટલે આતમ (આત્મા) અને પરબની સંસ્કૃતિ.

દુનિયાનો સૌથી સુખી માણસ એ છે જે ઓછામાં ઓછાં સાધનો વડે વધુમાં વધુ જરૂરિયાતો સંતોષે. સાધનોના મોહને કારણે જ આપણે કુદરતી સાધનો - સ્રોતનો વધુ બગાડ કરવા લાગ્યા. સાધના છોડી આપણે સાધનો તરફ વળ્યા, આધ્યાત્મિકતા છોડી ભૌતિકતા તરફ વળ્યા, ઉપાસના છોડી વાસના તરફ વળ્યા, દર્શન છોડી પ્રદર્શન કરવા લાગ્યા જેને લીધે પર્યાવરણની સમતુલામાં વિક્ષેપ ઊભો થયો. ગાંધીજીના 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો'ને છોડી ઊંચું જીવન અને સાદા વિચારો આપણે જીવનમાં અપનાવવા લાગ્યા જેથી પ્રકૃતિનું દિન-પ્રતિદિન ખંડન થતું થયું. આજના જમાનમાં 'સારા હોવું મહત્ત્વપૂર્ણ છે' કે મહત્ત્વપૂર્ણ હોવું સારું છે એ આપણે નક્કી કરીએ.

**અગર બનાના હૈ અપના દેશ મહાન**
**તો આઓ રખે પર્યાવરણ કા ધ્યાન .**

એક બકરી પાછળ એકવાર શિકારી કૂતરાં દોડ્યાં. બકરી જીવ બચાવીને દ્રાક્ષની ઝાડીમાં સંતાઈ ગઈ. કૂતરા આગળ નીકળી ગયા. હવે બકરીએ નિશ્ચિંત બની દ્રાક્ષના વેલા અને પાંદડાં ખાવાના શરૂ કર્યા અને જમીનથી લઈ પોતાની ગર્દન સુધીના બધા વેલા અને પાનાં ખાઈ ગઈ. ઝાડીમાં પાદડાં રહ્યાં નહીં . છુપાવાનો સહારો સમાપ્ત થઈ ગયો. કૂતરાંએ બકરીને જોઈ લીધી અને મારી નાખી. સહારો આપવાવાળાનો જે નષ્ટ કરે છે તેની આવી જ દુર્ગતિ થાય છે ! મનુષ્યએ પણ સહારો આપવાવાળી જીવનદાયિની નદીઓ, વૃક્ષો, પ્રાણીઓ, પર્વતો વગેરેને નુકસાન કર્યું અને જેનું પરિણામ આપણે અનેક કુદરતી આપત્તિઓ અને મહામારીઓના રૂપમાં ભોગવી રહ્યા છીએ.

**આપણે પ્રાકૃતિક સંપત્તિને બચાવીએ,**
**આપણી આવતીકાલને સુરક્ષિત કરીએ.**

Let's nurture the nature so that we can have a better future.

પાણી વગરની માછલીની કલ્પના તો કરી જુઓ ! કેવી તરફડી તરફડીને મરી જાય છે! બસ જો પર્યાવરણ દૂષિત થશે તો માછલી જેવી દશા આપણી થઈ શકે છે!

Reduce, Reuse, Recycle... . આ સૂત્રને આપણે જીવનમંત્ર બનાવવો જ પડે.

''આપણે પંખીની જેમ આકાશમાં ઊડતાં શીખ્યા, માછલીની જેમ સાગરમાં તરતાં શીખ્યા પરંતુ માનવીની જેમ પૃથ્વી પર જીવન જીવતાં હજુ આપણે શીખવાનું છે.'' અંતરિક્ષમાં પહોંચ્યા પણ એકબીજાના અંતર વચ્ચે ઘણા અંતર વધી ગયાં... અંતરમાં પહોંચી ના શક્યા ! પૃથ્વી પર રહેવાની બે જ સુંદર જગા છે -

કોઈનું દિલ .... કોઈની દુઆઓ.

શિક્ષણજગત એટલે જ પર્યાવરણજગત. કેળવણી દ્વારા જ પર્યાવરણ અંગેની સમજ, તેની ઉપયોગિતા, મહત્વ- આ બધી બાબતો શીખવી શકાય છે. જ્યાં સુધી 'મારાપણા'નો આત્મીયભાવ ના કેળવાય ત્યાં સુધી આપણે મમતા કેળવી શકતા નથી. આ મારું ઘર છે... આ મારી શાળા છે... આ મારું ગામ છે.. આ મારું રાજ્ય છે.. આ મારો દેશ છે.. આ મારી પૃથ્વી છે... 'મારાપણું અને સારાપણું' જેટલું વધારે એટલી જ રાષ્ટ્રભાવના ઊંચી ... માનવીય મૂલ્યોનો માપદંડ ઊંચો !

ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે, ફળોમાં જે સ્થાન મીઠાશનું છે, ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે એવું સ્થાન જીવનમાં સદાચારનું છે. સદાચાર એ જ પર્યાવરણની જાળવણીનો શ્રેષ્ઠ ઉપચાર છે. વ્યક્તિ સાધુ બની જાય કે યોગી બની જાય એ આદર્શ પરિસ્થિતિ છે પણ વ્યક્તિ જો સીધો બની જાય કે ઉપયોગી કે સહયોગી બની જાય તે વાસ્તવિક પરિસ્થિતિ છે, જે પર્યાવરણના જતન માટે ખૂબ

**ઈશ્વર એક વાર એક જ ક્ષણ આપે છે અને બીજી ક્ષણ આપતાં પહેલાં તે ક્ષણ લઈ લે છે. - સ્વેટ માર્ડન**

જ જરૂરી છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ સુંદર સૂત્ર આપ્યું હતું - 'વેદો તરફ પાછા વળો'. આજે સાંપ્રત સ્થિતિમાં આપણે કહી શકીએ - 'કુદરત તરફ પાછા વળો'.

આપણું ઘર, શેરી, ગામ, શહેર, શાળા વગેરે સ્વચ્છ હોય તે પાયાની બાબત છે. કહેવાય છે - કોઈના ઘરની સ્વચ્છતા જાણવી હોય તો તે ઘરના ટોઈલેટને જોઈ લો. ઘરની સ્વચ્છતાનો અંદાજ આવી જશે. કુદરતી સ્રોતનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ. આપણા ઘર કે શાળામાં પાણીના નળ ટપકતા ન હોય, બિનજરૂરી પંખા કે ટયુબલાઈટ ચાલુ ન રહે તેનું ધ્યાન રખાય. નાની નાની બાબતો - કાગળ, પેન્સિલ વગેરેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરતાં બાળકો શીખે, સૌથી મહત્ત્વની બાબત - બાળકો હૉસ્ટેલમાં, શાળામાં પાણીનો બેફામ બગાડ કરે છે. બ્રશ કરતી વખતે વૉશબેઝિનનો નળ ચાલુ જ રાખે, બાથરૂમમાં નળ ચાલુ જ મૂકી દે, જ્યાં એક ડોલ પાણીની જરૂર હોય ત્યાં દસ ડોલ પાણી વપરાય, જ્યાં એક પંખા કે ટયુબલાઈટથી ચાલે ત્યાં ચાર ચાર પંખા કે ટયુબલાઈટ ચાલુ હોય - આ બધી જ બાબતો પર્યાવરણ માટે ખૂબ જ હાનિકારક છે.

શું શાળામાં આપણે પ્લાસ્ટિક બેગ પર, ફાસ્ટફૂડ કે જંકફૂડ પર પ્રતિબંધ ના મૂકી શકીએ ? બાળકોને ગુટકા 'પડીકાં' છોડાવી ઘરેલું ખોરાક ખાવા ના પ્રેરિત કરી શકીએ? ડસ્ટબીન વાપરવા આપણે જરૂર સમજાવી શકીએ. એક પણ વૃક્ષ વિનાની શાળા આત્માવિહીન શરીર જેવી છે. બાળકો વૃક્ષોનાં ચિત્રો દોરે તેના કરતાં સ્કૂલગાર્ડનમાં એકાદ છોડ જો વાવવાની તક મળે તો 'Learning by doing'નો સિધ્ધાંત સાકાર થાય. પર્યાવરણનું સુખ જો આપણને જોઈએ છે તો પર્યાવરણના જતન તરફ આપણું મુખ રાખવું જ પડે તો જ પર્યાવરણથી થતા દુઃખથી બચી શકીએ.

પ્રકૃતિમાં જ્યારે લય ખોરવાય ત્યારે જ પ્રલય થાય છે. 'જીવો, જીવવા દો અને જીવાડો'ને આપણો જીવનમંત્ર બનાવીએ. બાળકો જીવદયા કેળવે. બાળકો વધુને વધુ સંવેદનશીલ બને, પશુ-પંખી પ્રત્યે પ્રેમ કેળવે તે કેળવણીથી જ શક્ય બને છે. નદી, વરસાદ, પશુ-પંખી, મોર, ગાય, પતંગિયાં - આ બધું એટલે જ અભ્યાસક્રમમાં હોય છે. બાળકો સાઈકલ છોડી હવે મોપેડ કે 'ટુ વ્હીલર' તરફ વળ્યા છે જેથી પેટ્રોલનો ઉપયોગ વધ્યો છે અને બાળકોની તંદુરસ્તી નબળી પડી છે. ગૂજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલપતિ અને પ્રખર ગણિતશાસ્ત્રી મોટી ઉંમરે પણ સાઈકલ લઈને લેક્ચર આપવા જતા. એ હતા - ડૉ. પી.સી. વૈદ્ય - તેમની સાદગી, સરળતા અને વિદ્વતા સૌને સ્પર્શી જતી હતી.

**પર્યાવરણ હૈ હમ સબકી જાન,**
**ઈસ લિયે કરો ઈસકા સન્માન,**
**ચલો બઢાયે દેશકી શાન,**
**સ્વચ્છ ઔર સુંદર હો હિન્દુસ્તાન.**

જળ એ જ જીવન ... છોડમાં રણછોડ... જંગલમાં મંગલ... સ્વચ્છતા ત્યાં પ્રભુતા.. જનસેવા એ જ પ્રભુસેવા... પર્યાવરણ નું જતન ... અહિંસા પરમો ધર્મ... ઊર્જા બચાવો.. વગેરે બધી જ બાબતો બાળકો કેળવણી દ્વારા જ શીખે છે અને સમજે છે. માહિતી, જ્ઞાન, સમજ અને ક્રિયા - કાર્ય દ્વારા જ બાળક કેળવાય છે. રાષ્ટ્રનો ઉત્તમ નાગરિક બને છે.

એક સુંદર પ્રાર્થના છે ----

**"નહીં યહ તેરા, નહીં યહ મેરા**
**ઈશ્વર કા યહ રાજ્ય હૈ**
**ઈશ્વર કા જલ, ઈશ્વર કા ફલ**
**ઈશ્વર કા અનાજ હૈ"**

ચાલો, 'Save Environment'ને આપણો જીવનમંત્ર બનાવી આપણા પર્યાવરણને નિર્મલ અને નોર્મલ બનાવીએ. પર્યાવરણની જાળવણીમાં જ જીવનની ઉજવણી રહેલી છે. પ્રકૃતિ સાથેની સંવાદિતા કેળવવાથી જ આપણી અસ્મિતા, શાલીનતા, સંસ્કારિતા અને સભ્યતા ઉજાગર થાય છે. પ્રકૃતિને પ્રેમ કરવો એટલે દેશપ્રેમ વ્યક્ત કરવો. પ્રકૃતિનું પૂજન એટલે પરમેશ્વરનું પૂજન .

**સભી બચ્ચો કો દે હમ યે શિક્ષા**
**પર્યાવરણ કી હમ કરે રક્ષા.**

---

**સંપર્ક: એ. પી. ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ**
**તા. ઈડર, જિ. સાબરકાંઠા**

**પ્રાર્થના કરવી એટલે થોડા શબ્દોને દોહરાવવા એમ નહીં.**
**પ્રાર્થનાનો અર્થ છે પરમાત્માનું મનન અને અનુભવ કરવો. - સ્વામી રામતીર્થ**

## વહીવટી વિભાગ

રાજ્યની સંસ્કૃત મહાવિદ્યાલયોના પ્રધાનાચાર્યની
લાયકાતમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સસક/1016/437/છ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ : 24-05-2021

**વંચાણે લીધાઃ-**

(1) શિક્ષણ વિભાગનો તા.03-08-2016 નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(2) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરનો તા.15-01-2021નો પત્ર ક્રમાંકઃ86/સંપાશા/વિશિષ્ટ/2020/36-37.

**ઠરાવ -**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (1) સામેના તા.03-08-2016ના ઠરાવથી રાજ્યની સંસ્કૃત મહાવિદ્યાલયોના પ્રધાનાચાર્યની લાયકાત નક્કી કરવામાં આવેલ છે. ત્યારબાદ કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક (2) સામેના તા. 15-01-2021ના પત્રથી પ્રધાનાચાર્યની લાયકાતની હાલની કરવામાં આવેલી જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈ મુજબ સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે મધ્યમા, શાસ્ત્રી અને આચાર્ય કક્ષા સુધીના વર્ગો ધરાવતી રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ સંસ્કૃત મહાવિદ્યાલયોમાં પ્રધાનાચાર્યની ભરતી માટે હાલની કરવામાં આવેલી જોગવાઈને બદલે નીચે મુજબની સુધારેલ જોગવાઈ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| **હાલની જોગવાઈ** | **સુધારેલ જોગવાઈ** |
|---|---|
| આચાર્ય અને શિક્ષાશાસ્ત્રી - તાલીમી કે તેની સમકક્ષ ડિગ્રી તથા સાત વર્ષનો પાઠશાળાકીય શૈક્ષણિક અનુભવ | સરકાર દ્વારા ગ્રાન્ટેબલ માન્ય સંસ્થા ઉપરાંત સરકાર દ્વારા નિયત પધ્ધતિથી નિમણૂક પામેલ (સંસ્થા દ્વારા માનદ વેતનથી નિમણૂક કરાયેલ ઉમેદવાર નહીં) ઉમેદવારનો સાત વર્ષનો પાઠશાળાકીય શૈક્ષણિક અનુભવ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી.પી.મેંદપરા)**
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સૅક્ટર-10 / બી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી,શાળાઓ મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગ વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના.સે.અ.સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

ધરતીકંપ કરતાં વધારે હોનારત માનવ-માનવ વચ્ચેના ધિક્કારકંપથી થાય છે. - ધૂમકેતુ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974
ના વિનિયમ 24(1)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1219/914/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 24-05-2021

**વંચાણે લીધા :-**

(1) સામાન્ય વહીવટ વિભાગનું તા. 14-08-1970 નું જાહેરનામુ ક્રમાંક : જીએસ/28/ભરત/116870/ક.

(2) શિક્ષણ વિભાગનો તા. 01-09-2020 નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(3) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.22-01-2021નો પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/1528-30.

**આમુખ -**

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (1) સામેના તા. 14-08-1970ના જાહેરનામાથી રાજ્ય સરકારના જે કર્મચારી / અધિકારીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા કર્મચારી/ અધિકારીઓએ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ આમુખ ક્રમાંક (2) સામેના તા. 01-09-2020 ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચતર પગારધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ હિન્દીની પરીક્ષા, ખાતાકીય પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય (CCC) તાલીમ પરીક્ષા પાસ કરવા અંગેની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. જેમાં જે કર્મચારીઓની માતૃભાષા હિન્દી હોય તેવા કર્મચારીઓએ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના તા.22-01-2021 ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓની માતૃભાષા ગુજરાતી ન હોય તેવા તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓએ બઢતી / ઉચ્ચતર પગારધોરણ યોજના માટે રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

આ સિવાય શિક્ષણ વિભાગના તા. 01-09-2020ના સમાન ક્રમાંકના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત્ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી. પી. મેંદપરા)**
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર - 10 / બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-1, શાખા, ગ-2, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ મારફત).
- ના.સે.અ., સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

**દુનિયામાં ફક્ત એક જ મંદિર છે અને તે માણસનું શરીર. - નૉવોલિસ**

ક્રમાંક : મઉમશબ/શાનિ/વિ.સુ/2021/1066
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅકટર-10 બી, જૂના સચિવાલય, પાસે,
ગાંધીનગર. તા. 03-06-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજ્ય.

વિષય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ-40 (ક)માં સુધારા અંગે.

સંદર્ભ : (1) The Gujarat Government Gazette SATURDAY, MAY 22, 2021
(2) The Gujarat Government Gazette Notification TUESDAY, JUNE 1, 2021

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ પત્ર-1 થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ -40 (ક) માં સુધારા અંગેનો GUJARAT ACT No. 16 OF 2021 “The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સંદર્ભ પત્ર-2 થી ઉક્ત GUJARAT ACT No. 16 OF 2021 “The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021 તા. 01-06-2021 થી લાગુ પાડવામાં આવેલ છે. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ-40 (ક) માં હાલની જોગવાઈના બદલે નીચે મુજબ સુધારો ધ્યાને લેવાનો રહેશે.

**હાલની જોગવાઈ**

‘‘40ક. કલમ-17ના ખંડ (26), કલમો 34 અને 35 અને કલમ 36ની પેટા-કલમ (1)ના ખંડ (ખ) અને તેની પેટા-કલમો (2), (3), (4) અને (5) માં નો કોઈ પણ મજકૂર, ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ.’’

**સુધારેલ જોગવાઈ**

‘‘40ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ-34 ની પેટા કલમ (1), કલમ ૩૬ની પેટા કલમ-(1) નો ખંડ (ખ) અને પેટા-કલમો (2), (3), (4) અને (5), ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીએ સ્થાપેલી અને તેના વહીવટ હેઠળની કોઈ શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે નહિ.’’

આમ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ -40 (ક) માં થયેલ સુધારો ધ્યાને લઈ આપના તાબા હેઠળની લઘુમતી શાળાઓને લાગુ પાડવાનો રહેશે અને થયેલ સુધારા અંતર્ગત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ કાર્યવાહી કરવાની રહેશે.

**(ડી. એસ. પટેલ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**બિડાણ :**

- વિધાનસભામાં રજૂ થયેલ વિધેયકની નકલ
- કાયદામાં સુધારા અંગેના જાહેરનામાની નકલ
- પ્રેસનોટની નોંધ
- શિક્ષણ વિભાગના જાહેરનામાની નકલ

**વિચારનો ચિરાગ બુઝાઈ જવાથી આચાર આંધળો બની જાય છે. - વિનોબા ભાવે**

Extra No. 19

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXII ]　　SATURDAY, MAY 22, 2021 / JYAISTHA 1, 1943**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV**

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor**

The following Act of the Gujarat Legislature, having been assented to by the Governor on the 13th May, 2021 is hereby published for general information.

**K. M. LALA,**
Secretary to the Government of Gujarat,
Legislative and Parliamentary Affairs Department.

**GUJARAT ACT NO. 16 OF 2021**

(First published, after having received the assent of the Governor, in the "*Gujarat Government Gazette*", on the 22nd May, 2021).

**AN ACT**

further to amend the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972.

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.



જે માનવી બાળકોને પ્રેમ નથી કરતો તે મનુષ્ય નથી, પ્રાણી છે. - પં.જવાહરલાલ નેહરુ

Amendment of section 2 of Guj. 18 of 1973.

**2.** In the Gujarat Secondary and Higher Secondary Education Act, 1972, (hereinafter referred to as "the principal Act"), in section 2, in clause (q), for the words "Director of Education, Gujarat State, or an officer authorised by him", the words "Education Department or, as the case may be, any other Department of the Government of Gujarat or an officer authorized by such Department" shall be substituted. Guj. 18 of 1973.

Amendment of section 36 of Guj. 18 of 1973.

**3.** In the principal Act, in section 36, in sub-section (5), for the words "the Tribunal", the words and figures "the Gujarat Educational Institutions Services Tribunal constituted under section 3 of the Gujarat Educational Institutions Services Tribunal Act, 2006" shall be substituted. Guj. 20 of 2013.

Substitution of section 40A of Guj. 18 of 1973.

**4.** In the principal Act, for section 40A, the following section shall be substituted, namely:-

Savings. "**40A.** Notwithstanding anything contained in this Act, sub-section (*1*) of section 34, and clause (b) of sub-section (1) and sub-sections (*2*), (*3*), (*4*) and (*5*) of section 36 shall not apply to any educational institutions established and administered by a minority, whether based on religion or language.".

------------

Government Central Press, Gandhinagar.

Extra No. 132

વાર્ષિક લવાજમનો દર રૂ.૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXII ] TUESDAY, JUNE 1, 2021 / JYAISTHA 11, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**EDUCATION DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 1st June, 2021.

**The Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021.**

**No.GH/SH/12/MSB/1220/585/CHH:—** In exercise of the powers conferred by the Sub-section (2) of section 1 of the Gujarat Secondary and Higher Secondary Education (Amendment) Act, 2021. (Gujarat Act No. 16 of 2021), (hereinafter referred to as "the said Act"), the Government of Gujarat hereby appoints the date 1st June, 2021 as the date on which the said Act shall come into force.

By order and in the name of the Governor of Gujarat,

**RONAK MEHTA,**

Deputy Secretary to Government.

---------------

IV-B Ex.-132 132-1

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

મનુષ્ય પશુ નથી. ઘણા પશુજન્મોના અંતે એ મનુષ્ય બને છે.
પશુતા અને પુરુષાર્થમાં એટલો ભેદ છે કે જેટલો જડ અને ચેતનમાં છે. - ગાંધીજી

**સમયમર્યાદા**
**ખૂબ અગત્યનું**

ક્રમાંક :મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-2021/1089
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅકટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.03/06/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય :- ધોરણ-10 બોર્ડની જાહેર પરીક્ષા-2021ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના તા.03/06/2021 ના ઠરાવ ક્રમાંકઃમશબ/1221/575/છ

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજયમાં કોરોના સંક્રમણના કેસો વધવાને કારણે રાજય સરકાર દ્વારા ધોરણ-10, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા જે તા.10/05/2021 થી તા.25/05/2021 દરમિયાન યોજાનાર હતી. તા.15/04/2021 ના રોજ COVID-19 ના સંક્રમણને ધ્યાને લેતાં પરીક્ષાઓ સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

રાજય સરકાર દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી ધોરણ-10ની જાહેર પરીક્ષા માટે નીચે મુજબના નિર્ણયો તા.13/05/2021 ના રોજ જાહેર કરવામાં આવેલ હતા.

(1) ધોરણ-10ની બોર્ડ દ્વારા યોજાનાર જાહેર પરીક્ષા રદ કરવામાં આવી.

(2) ધોરણ-10ની બોર્ડની જાહેર પરીક્ષા માટે નોંધાયેલ ફક્ત નિયમિત ઉમેદવારોને માસ પ્રમોશનથી ધોરણ-10 પાસ જાહેર કરવા.

(3) ધોરણ-10ની બોર્ડની જાહેર પરીક્ષા માટે નોંધાયેલ રીપીટર અને અન્ય ઉમેદવારો માટે કોરોનાની પરિસ્થિતિ સામાન્ય થયેથી બોર્ડની જાહેર પરીક્ષા યોજવામાં આવશે.

રાજય સરકાર દ્વારા ધોરણ-10ના નિયમિત ઉમેદવારોને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાના નિર્ણયથી ઉદ્ભવનાર પ્રશ્નોના નિકાલ માટેની ભલામણો મેળવવા રાજય સરકારશ્રીએ સમિતિની રચના કરેલ હતી. સને 2020-21 ના વર્ષમાં ધોરણ-10માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષાના બદલે માસ પ્રમોશન આપવા બાબતે રાજય સરકારશ્રી દ્વારા લેવાયેલ નિર્ણયના અનુસંધાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10ના વિદ્યાર્થીઓને આપવાના ગુણપત્રક અને ધોરણ-11માં પ્રવેશ અંગેની જોગવાઈઓની ભલામણ કરતો અહેવાલ રજૂ કરવા માટે જણાવેલ હતું.

સંદર્ભદર્શિત પત્રથી રાજય સરકારે સમિતિએ સૂચવેલ ભલામણોનો સ્વીકાર કરેલ છે અને ભલામણોના આધારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવેલ છે.

**લક્ષ્યમાં નિષ્ઠા અને સંલગ્નતા જ સફળતાનું રહસ્ય છે. - ડિઝરાયેલી**

ધોરણ-10 માસ પ્રમોશનથી નિયમિત ઉમેદવારોને પાસ કરવાની નીતિ માટે સમિતિએ સૂચવેલ ભલામણો સંદર્ભે આપના તાબા હેઠળ આવતી તમામ રજિસ્ટર્ડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જેમાં ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો લાભ મળવાપાત્ર છે. તેઓને આ સાથે સામેલ પત્રક-અ મુજબ કાર્યવાહી કરવા તથા સમયમર્યાદામાં ચોકસાઈપૂર્વક કામગીરી પૂર્ણ કરવા જરૂરી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

**(ડી. એસ. પટેલ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

**બિડાણ :-**

- ધોરણ-10 બોર્ડની જાહેર પરીક્ષા-2021 ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી. (પત્રક-અ)

**નકલ સવિનય રવાના :**

(1) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1 ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(2) માન.શિક્ષણમંત્રીશ્રીના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1 બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(3) માન.રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2 બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(4) માન.અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ બ્લોક નં. 5, 8મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(5) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5, 7મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(6) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9, 1લો માળ જૂના સચિવાલય, ગાંધીનગર.
(7) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં.12, જૂના સચિવાલય, ગાંધીનગર
(8) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સૅકટર-17, ગાંધીનગર.
(9) નિયામકશ્રી, પાઠયપુસ્તક મંડળ, સૅકટર-10 એ, ગાંધીનગર.
(10) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. 12, જૂના સચિવાલય, ગાંધીનગર.
(11) નિયામકશ્રી, જીસીઈઆરટી, સૅકટર-12, ગાંધીનગર.
(12) અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સૅકટર-21, ગાંધીનગર.
(13) નિયામકશ્રી, ટૅકનિકલ શિક્ષણ, સૅકટર-10 એ, ગાંધીનગર.

**નકલ રવાના અમલવારી સારુ**

(1) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સદર કચેરી.
(2) સંયુક્ત નિયામકશ્રી (સંશોધન શાખા), સદર કચેરી.
(3) નાયબ નિયામક પરીક્ષા, (વિજ્ઞાન પ્રવાહ), (સામાન્ય પ્રવાહ) અને માધ્યમિક વિભાગ, સદર કચેરી.
(4) આચાર્યશ્રી, રજિસ્ટર માધ્યમિક શાળાઓ, તમામ તરફ જરૂરી કાર્યવાહી અને અમલવારી સારુ.
(5) સદર કચેરીની શાખાઓ તરફ.

**તેજસ્વી માનવીને દુઃખ પોતાની શક્તિની મર્યાદાનું હોય છે. પોતાનામાં જે શક્તિ છે તેની લોકોને કદર નથી એ વાતનો રંજ એને હોતો નથી. - કૉન્ફ્યૂશિયસ**

**પત્રક - અ**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**

ધોરણ-10 બોર્ડની જાહેર પરીક્ષા-2021ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાની નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી

(1) ધોરણ-10 ના નિયમિત વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્ય પધ્ધતિ :-

- ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન હાલની પધ્ધતિ મુજબ બે ભાગમાં થાય છે. જેને નીચે જણાવ્યા મુજબ ભાગ - 1 અને ભાગ - 2 માં મૂલ્યાંકન કરવાનું રહેશે.

**ભાગ-1 શાળાકીય આંતરિક મૂલ્યાંકન (20 ગુણ) :-**

- ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓનું શાળા દ્વારા 20 ગુણનું આંતરિક મૂલ્યાંકન.
- શાળા દ્વારા નિયમિત વિદ્યાર્થીઓને તેઓ દ્વારા પસંદ કરેલ વિષયોમાં બોર્ડ દ્વારા નિયત કરેલ ધારા-ધોરણ મુજબ 20 ગુણનું આંતરિક મૂલ્યાંકન કરવાનું છે.
- શાળાકીય આંતરિક મૂલ્યાંકનના વિષયવાર 20 ગુણમાંથી મેળવેલ ગુણને બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ એપ્લીકેશનમાં ઓનલાઈન કરવાના રહેશે.

**ભાગ-2 શાળાકીય કસોટીઓ / પરીક્ષાઓ આધારિત મૂલ્યાંકન (80 ગુણ) :-**

- માસ પ્રમોશનના કારણે બોર્ડ દ્વારા આયોજિત 80 ગુણની જાહેર પરીક્ષા યોજાયેલ નથી. જેથી તેના બદલે માધ્યમિક કક્ષાએ લેવાયેલ કસોટીઓ / પરીક્ષાઓના આધારે ગુણાંકન માટેની નીચે મુજબની પધ્ધતિ અનુસરવાની રહેશે.

| ક્રમ | વિગત | મહત્તમ ગુણ |
|---|---|---|
| A | વિદ્યાર્થીના ધોરણ-9ની પ્રથમ સામાયિક કસોટી (કુલ ગુણ 50) માંથી મેળવેલ ગુણને 40 % માં રૂપાંતરિત કરેલ ગુણ | 20 ગુણ |
| B | વિદ્યાર્થીના ધોરણ-9ની દ્વિતીય સામાયિક કસોટી (કુલ ગુણ 50) માંથી મેળવેલ ગુણને 40 % માં રૂપાંતરિત કરેલ ગુણ | 20 ગુણ |
| C | વિદ્યાર્થીના ધોરણ-10 ની તા.19/03/2021 થી તા.27/03/2021 દરમિયાન ઓનલાઈન / ઓફલાઈન માધ્યમથી યોજાયેલ પ્રથમ સામાયિક કસોટી (કુલ ગુણ 80) માંથી મેળવેલ ગુણને 37.5 % માં રૂપાંતરિત કરેલ ગુણ | 30 ગુણ |
| D | વિદ્યાર્થીના ધોરણ-10ની એકમ કસોટી (કુલ ગુણ 25) માંથી મેળવેલ ગુણને 40% માં રૂપાંતરિત કરેલ ગુણ | 10 ગુણ |
| | **કુલ ગુણ** | **80 ગુણ** |

**સુખ શરીર માટે ફાયદાકારક છે પણ એ દુઃખ છે જે મનની શક્તિઓને વિકસાવે છે.**

ગુણાંકન માટેના ઉદાહરણ આ મુજબ છે.

[A] વિદ્યાર્થીએ ધોરણ-9ની પ્રથમ સામાયિક કસોટી (કુલ ગુણ 50) માંથી મેળવેલ ગુણને 40% માં રૂપાંતરિત કરેલ ગુણ

દા.ત: વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ પરીક્ષામાં 50 ગુણમાંથી 24 ગુણ મેળવેલ છે. ઉક્ત 24 ગુણને 40% માં રૂપાંતરિત કરતાં એટલે કે 24*40/100 = 9.6 = 10 ગુણ દર્શાવવાના રહેશે.

[B] વિદ્યાર્થીએ ધોરણ-9ની દ્વિતીય સામાયિક કસોટી (કુલ ગુણ 50) માંથી મેળવેલ ગુણને 40% માં રૂપાંતરિત કરેલ ગુણ

દા.ત:- વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ પરીક્ષામાં 50 ગુણમાંથી 16 ગુણ મેળવેલ છે. ઉક્ત 16 ગુણને 40% માં રૂપાંતરિત કરતાં એટલે કે 16*40/100 = 6.4 = 06 ગુણ દર્શાવવાના રહેશે.

[C] વિદ્યાર્થીએ ધોરણ-10ની તા.19/03/2021 થી તા.27/03/2021 દરમિયાન ઓનલાઈન / ઓફલાઈન માધ્યમથી યોજાયેલ પ્રથમ સામાયિક કસોટી (કુલ ગુણ 50) માંથી મેળવેલ ગુણને 37.5 % માં રૂપાંતરિત કરેલ ગુણ

દા.ત:- વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ પરીક્ષામાં 80 ગુણમાંથી 45 ગુણ મેળવેલ છે. ઉક્ત 45 ગુણને 37.5% માં રૂપાંતરિત કરતાં એટલે કે 45*37.5/100 = 16.88 = 17 ગુણ દર્શાવવાના રહેશે.

[D] વિદ્યાર્થીએ ધોરણ-10ની એકમ કસોટી (કુલ ગુણ 25) માંથી મેળવેલ ગુણને 40% માં રૂપાંતરિત કરેલ ગુણ

દા.ત:(1) વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ એકમ કસોટીમાં 25 ગુણમાંથી 15 ગુણ મેળવેલ છે. ઉક્ત15 ગુણને 40% માં રૂપાંતરિત કરતાં એટલે કે 15*40/100 = 06 = 06 ગુણ દર્શાવવાના રહેશે.

દા.ત:(2) વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ એકમ કસોટીમાં 25 ગુણમાંથી 15 ગુણ અને દ્વિતીય કસોટીમાં 16 ગુણ મેળવેલ હોય તો 15+16 ગુણની સરેરાશને 40% માં રૂપાંતરિત કરતાં એટલે કે (15+16/2)*40/100 = 6.2 = 06 ગુણ દર્શાવવાના રહેશે.

દા.ત.:(3) વિશ્વકર્મા નરેશ નવનીતલાલ ગુજરાતીમાં પ્રથમ એકમ કસોટીમાં 25 ગુણમાંથી 15 ગુણ, દ્વિતીય કસોટીમાં 12 ગુણ અને તૃતીય કસોટીમાં 17 ગુણ મેળવેલ હોય તો વધુ ગુણ મેળવેલ કોઈ પણ 02 (બે) એકમ કસોટીના એટલે 15+17 ગુણની સરેરાશને 40% માં રૂપાંતરિત કરતાં એટલે કે (15+17/2)*40/100 = 6.4 = 06 ગુણ દર્શાવવાના રહેશે.

આમ, ઉમેદવારે 80 ગુણમાંથી મેળવેલ A+B+C+D મળી કુલ 39 ગુણ થશે જે બોર્ડ દ્વારા તૈયાર કરેલ પોર્ટલ ઉપર ગુજરાતી વિષયમાં 80 ગુણમાંથી પ્રાપ્ત થયેલ ગુણ તરીકે દર્શાવવાના રહેશે.

નોંધ:- ઉપરોક્ત A થી D મુજબ મેળવેલ દશાંશ ગુણને નજીકના પૂર્ણાંકમાં રૂપાંતરિત કરી ગણતરીમાં લેવાના રહેશે.

દા.ત:- મેળવેલ ગુણ 4.1 થી 4.4 હોય તો 4 ગુણ જ્યારે મેળવેલ ગુણ 4.5 થી 4.9 સુધી હોય તો 5 ગુણ ગણતરીમાં લેવાના રહે.

- શાળાઓ દ્વારા નિયમિત ઉમેદવારે પસંદ કરેલ દરેક વિષય માટે ઉપર દર્શાવેલ માપદંડો A થી D મુજબ વિષયવાર પરિણામ તૈયાર કરવાનું રહેશે.
- ઉપર દર્શાવેલા માપદંડો A થી D માં જો કોઈ ઉમેદવાર તે કસોટીમાં ઉપસ્થિત ન હોય તો તે વિષય / વિષયોમાં '00' (શૂન્ય) ગુણ ગણતરીમાં લેવાના રહેશે.
- કોઈ ઉમેદવારે ધોરણ-9નો અભ્યાસ અન્ય શાળામાં કરેલ હોય તો તેવા કિસ્સામાં જે શાળામાં ધોરણ-9નું મૂલ્યાંકન થયેલ હોય તે શાળા દ્વારા આપવામાં આવેલ ગુણપત્રક / પ્રગતિ પત્રકના આધારે ઉમેદવારનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

ઉપર દર્શાવેલા ક્રમ- D માં સૂચવેલ વિદ્યાર્થીના ધોરણ-10ની એકમ કસોટી (કુલ ગુણ 25) માંથી મેળવેલ ગુણને 40% માં રૂપાંતરિત કરેલ ગુણની ગણતરીની પધ્ધતિ:-

**માનવી જો સાચી રીતે પોતાને ન ઓળખે તો તે સાચી રીતે પોતાની જાતને સમર્પિત કરી શકતો નથી. - રવીન્દ્રનાથ ટાગોર**

- શૈક્ષણિક વર્ષ-2020-21 દરમિયાન ગણિત વિષયની 04 (ચાર), વિજ્ઞાન વિષયની 03 (ત્રણ), સામાજિક વિજ્ઞાન વિષયની 04 (ચાર), ગુજરાતી (પ્રથમ ભાષા) વિષયની 03 (ત્રણ) અને ગુજરાતી (દ્વિતીય ભાષા) વિષયની 03 (ત્રણ) એકમ કસોટીઓ યોજાયેલ છે.
- જે વિષયમાં વિદ્યાર્થીએ એક જ એકમ કસોટી આપેલ હોય તો તે કસોટીના ગુણ ધ્યાને લેવાના રહેશે.
- જે વિષયમાં વિદ્યાર્થીએ 02 (બે) એકમ કસોટી આપેલ હોય તો બંને કસોટીના સરેરાશ ગુણ ધ્યાને લેવાના રહેશે.
- જે વિષયમાં વિદ્યાર્થીએ 02 (બે) એકમ કસોટી કરતાં વધુ એકમ કસોટી આપેલ હોય તો સૌથી વધુ ગુણ મેળવેલ કોઈ પણ 02 (બે) એકમ કસોટીના સરેરાશ ગુણ ધ્યાને લેવાના રહેશે.
- જે ગુજરાતી (પ્રથમ ભાષા) અને ગુજરાતી (દ્વિતીય ભાષા) સિવાયની અન્ય ભાષાઓ માટે એકમ કસોટી યોજાયેલ નથી તેવી ભાષાઓના મૂલ્યાંકન માટે ઉમેદવારે ગુજરાતી (પ્રથમ ભાષા) કે ગુજરાતી (દ્વિતીય ભાષા) ની એકમ કસોટીઓ પૈકી મેળવેલ શ્રેષ્ઠ ગુણ જેટલા ગુણ આપવાના રહેશે. જો શાળા દ્વારા અન્ય ભાષાઓની એકમ કસોટી યોજવામાં આવેલ હોય તો તે યોજાયેલ કસોટીઓ પૈકી વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ શ્રેષ્ઠ ગુણ ધ્યાને લેવાના રહેશે.
- શાળા દ્વારા વિષયવાર આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ખરેખર ગુણ અને સમિતિ દ્વારા નિયત કરેલ જોગવાઈ અનુસાર ધોરણ-9 અને ધોરણ-10માં યોજાયેલ કસોટીઓ / પરીક્ષાઓના આધારે કરેલ મૂલ્યાંકનના (માપદંડ A થી D) મુજબ કુલ 80 ગુણમાંથી પ્રાપ્ત થતા ગુણને ઉમેદવારના ખરેખર મેળવેલ ગુણ તરીકે શાળાએ ઓનલાઈન કરવાના રહેશે.

**(2) શાળા પરિણામ સમિતિની રચના :-**

- ધોરણ-10ના પરિણામ તૈયાર કરવા માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં માધ્યમિક શાળાના વિષયશિક્ષકોની સમિતિની રચના કરવાની રહેશે.
- શાળા પરિણામ સમિતિએ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરતી વખતે તે માટે ઉપયોગમાં લીધેલા તમામ આધારો ઉપર સહી કરીને તારીખ દર્શાવવાની રહેશે.
- શાળા પરિણામ સમિતિ આ પરિણામ માટે જવાબદાર ગણાશે.

**(3) મૂલ્યાંકનની નિયત કરેલ પધ્ધતિમાં ઉમેદવારની ગેરહાજરી :-**

- મૂલ્યાંકન માટે પસંદ કરવાના ધારા-ધોરણો COVID-19 ની પરિસ્થિતિના પહેલાના શૈક્ષણિક વર્ષોના હોય કોઈ ઉમેદવારની બાબતમાં નિયત કરેલ એક અથવા એકથી વધુ ધારા-ધોરણોના માપદંડોમાં ઉમેદવાર ઉપસ્થિત ના હોય તેવું કદાચ બની શકે. આવા કિસ્સામાં માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાના હોઈ બોર્ડ દ્વારા ખૂટતા ગુણની તૂટ ક્ષમ્ય કરીને પાસ જાહેર કરવામાં આવશે.
- મૂલ્યાંકન માટેના નિયત કરેલા માપદંડો A થી D માં કોઈ એક માપદંડમાં કે એક કરતાં વધુ માપદંડમાં ઉમેદવાર ગેરહાજર હોય તો તેવા કિસ્સામાં "00" (શૂન્ય) ગુણ દર્શાવવાના રહેશે.

  દા.ત : (1) ઉમેદવાર A, B, C, અને D પૈકી જો B માપદંડની પરીક્ષામાં ગેરહાજર હોય તો B માપદંડના 20 ગુણમાંથી મેળવેલ ગુણ "00" (શૂન્ય) ગુણ ગણવાના રહેશે.

**સુખ મેળવવું એ બહુ અઘરી વાત છે કેમ કે તે બીજાને સુખી બનાવીને જ મેળવાય છે.**

દા.ત : (2) જો ઉમેદવાર A અને C માપદંડમાં ગેરહાજર હોય તો A માપદંડના 20 ગુણમાંથી "00" (શૂન્ય) ગુણ દર્શાવવાના રહેશે. તેવી જ રીતે C માપદંડના 30 ગુણમાંથી મેળવેલ ગુણને "00" (શૂન્ય) ગુણ દર્શાવવાના રહેશે.

**(4) ગુણ તૂટ ક્ષમ્ય ગણવાની જોગવાઈ :-**

- ઉમેદવારને માસ પ્રમોશનના કારણે પાસ થવામાં ખૂટતા ગુણની તૂટ બોર્ડ દ્વારા પરિણામમાં દર્શાવી ગુણ તૂટ ક્ષમ્ય ગણવામાં આવશે.
- શાળા દ્વારા નિયત કરેલ માળખા મુજબના વિદ્યાર્થીઓના વિષયવાર 80 ગુણમાંથી અને 20 ગુણમાંથી ખરેખર મેળવેલ ગુણ અપલોડ કર્યા બાદ, જે ઉમેદવારોને ઉત્તીર્ણ થવામાં જેટલા ગુણ ખૂટતા હશે તેટલા ગુણની તૂટ માફ કરીને પરિણામ પાસ જાહેર કરવામાં આવશે.
- શાળાએ સિદ્ધિ ગુણ, કૃપા ગુણ કે કોઈ પણ પ્રકારના ગુણ તૂટની ગણતરીને બદલે નિયત માપદંડો A થી D મુજબ વિદ્યાર્થીએ મેળવેલ ખરેખર ગુણ જ ગણતરીમાં લેવાના રહેશે. શાળાએ પાસ થવા માટે ખૂટતા ગુણ આપવાના નથી. ખૂટતા ગુણની તૂટ બોર્ડ દ્વારા ક્ષમ્ય કરવામાં આવશે.
- ઉમેદવારે પસંદ કરેલ વિષયમાં 33% થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા ખૂટતા ગુણની તૂટ ક્ષમ્ય ગણી પાસ જાહેર કરવામાં આવશે. આવા વિદ્યાર્થીઓના ગુણપત્રકમાં ગ્રેડ 'D' દર્શાવવામાં આવશે.
- ઉમેદવારે ખરેખર મેળવેલા જે તે વિષયમાં પાસ થવા માટેના ગુણ કરતાં ઓછા ગુણ હોય તેવા સંજોગોમાં ઉમેદવારને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવા ખૂટતા ગુણની તૂટ (*) ''ફૂદડી'' દર્શાવીને ગુણ તૂટ ક્ષમ્ય ગણવામાં આવેલ છે. તેમ દર્શાવવામાં આવશે.
- વિદ્યાર્થીઓને ગુણ તૂટ ક્ષમ્ય ગણીને પાસ જાહેર કરવામાં આવે તેવા કિસ્સામાં વિદ્યાર્થીને આપવામાં આવેલ ગુણ તૂટના ગુણને કુલ ગુણમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહિ.
- COVID-19ની પરિસ્થિતિના કારણે જે વિદ્યાર્થીઓ વર્ષ-2021 ની ધોરણ-10 (SSCE) પરીક્ષામાં દરેક વિષયમાં 80 ગુણમાંથી 26 ગુણ અને 20 ગુણમાંથી 07 ગુણ મેળવી શકેલ ન હોય તેવા ઉમેદવારોને માસ પ્રમોશનના કારણે પાસ જાહેર કરવામાં આવશે. જેથી તેઓના ગુણપત્રકમાં પરિણામના ખાનામાં QUALIFIED FOR SECONDARY SCHOOL CERTIFICATE દર્શાવવામાં આવશે.

**(5) મુખ્ય વિષય ઉપરાંતના વિષયો માટે મૂલ્યાંકન પ્રવિધિ :-**

- શાળાકીય વિષયોનું મૂલ્યાંકન બોર્ડના પત્રક્રમાંકઃમઉમશબ/સંશોધન/2021/2298-2337 તા.26/02/2021થી ધોરણ-10 ના આંતરિક મૂલ્યાંકન અંગે કરવામાં આવેલ જોગવાઈ મુજબ આંતરિક મૂલ્યાંકનના વિષયવાર વિદ્યાર્થીએ મેળવેલ ગુણ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

**(6) ઓનલાઈન માહિતી અપલોડ કરવાની પ્રક્રિયા :-**

- બોર્ડ દ્વારા તૈયાર કરેલ પોર્ટલ ઉપર શાળા દ્વારા દરેક નિયમિત ઉમેદવારો માટે નિયત કરેલી કાર્ય પધ્ધતિને અનુસરી શાળા પરિણામ સમિતિ દ્વારા મંજૂર કર્યા મુજબના વિષયવાર ગુણ મુજબનું પરિણામ અપલોડ કરવાનું રહેશે. શાળાના આચાર્ય અંતિમ તારીખ સુધી કોઈ પણ સમયે સુધારા વધારા કરી શકશે. અંતિમ તારીખ બાદ સુધારાને અવકાશ રહેશે નહિ.

**સફળતા પરિશ્રમથી જ મળે છે, વિચાર કરવાથી નહિ. - બેંજામિન ફ્રેંકલિન**

**(7) ગ્રેડીંગ પધ્ધતિ :-**

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| 1 | 91 થી 100 | A1 |
| 2 | 81 થી 90 | A2 |
| 3 | 71 થી 80 | B1 |
| 4 | 61 થી 70 | B2 |
| 5 | 51 થી 60 | C1 |
| 6 | 41 થી 50 | C2 |
| 7 | 33 થી 40 | D |

**(8) મૂલ્યાંકનના આધારો અને તેની જાળવણી :-**

- ધોરણ-10ના પરિણામ તૈયાર કરવાની અને તેના રેકર્ડની વિશ્વસનીયતા અને જાળવણી અંગેની જવાબદારી શાળાના આચાર્યની રહેશે.
- શાળા દ્વારા પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ આધારોનો રેકર્ડ પાંચ વર્ષ સુધી સાચવવાનો રહેશે.
- દરેક શાળાએ પરિણામના આધાર તરીકે લીધેલ તમામ આધાર ઉપર શાળા પરિણામ સમિતિના સભ્યોની સહી લેવાની રહેશે અને ઉકત આધારો શાળાના આચાર્યની કસ્ટડીમાં રાખવાના રહેશે અને જ્યારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નિયામકશ્રી, શાળાઓની કચેરી કે બોર્ડ દ્વારા કે રાજય સરકાર દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ દ્વારા વેરીફિકેશન માટે મંગાવવામાં આવે ત્યારે ઉપલબ્ધ કરવાના રહેશે.

**(9) બોર્ડ દ્વારા પરિણામના રેકર્ડની ચકાસણી :-**

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10ના પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ દસ્તાવેજોની ખરાઈ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા કરાવવામાં આવશે.
- દરેક શાળાએ આખરી કરેલ પરિણામના આધારોની પ્રમાણિત નકલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં રજૂ કરવાની રહેશે.

**(10) બોર્ડની સૂચનાનું ઉલ્લંઘન કરનાર સામે પગલાં :-**

- બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવા માટે અપાયેલ સૂચના મુજબ શાળા યોગ્ય, સાચું અને જરૂરી આધારો સિવાયની કામગીરી કરે તો તેની સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974 ની જોગવાઈ મુજબ કાર્યવાહીના અધિકારો બોર્ડને રહેશે. જેમાં,

(1) શાળાની નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવી અને / અથવા

(2) શાળાને નાણાકીય દંડ કરવો અથવા

(3) વર્ષ-2021 નું ધોરણ-10નું પરિણામ જયાં સુધી શાળા દ્વારા સ્પષ્ટતા અને પૂર્તતા ન થાય ત્યાં સુધી અટકાવવું.

**જેણે કયારેય કોઈ ભૂલ કરી નથી એણે કશું નવું શીખવાનો પ્રયત્ન પણ કર્યો નથી. - આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

**(11) પૂરક પરીક્ષાની જોગવાઈ :-**

- માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાના હોઈ નિયમિત વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષાની જરૂરિયાત ઊભી થશે નહિ.

**(12) ગુણ ચકાસણીની જોગવાઈ :-**

- બોર્ડ દ્વારા જાહેર પરીક્ષા યોજાયેલ ન હોઈ અને તમામ નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાના હોઈ તેઓને ગુણ ચકાસણીની જોગવાઈ લાગુ પડશે નહિ.

**(13) દિવ્યાંગ વિદ્યાર્થીઓના કિસ્સાના ધારા-ધોરણો :-**

- માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાના હોઈ પાસ થવાનું ધોરણ પ્રત્યેક વિષયમાં દિવ્યાંગ વિદ્યાર્થી માટે હાલની જોગવાઈ મુજબ 20% મુજબનું રહેશે અને તે મુજબ ગુણપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે. 20% કરતાં ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીના કિસ્સામાં નિયમિત વિદ્યાર્થીઓ માટેની જોગવાઈ મુજબ ગુણ તૂટ ક્ષમ્ય ગણવામાં આવશે.

**(14) રિપોર્ટ કાર્ડ (પરિણામ પત્રક) અને પરીક્ષા પાસ કર્યા બદલના પ્રમાણપત્ર :-**

- ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ જ ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.

**(15) ધોરણ-11 ના પ્રવેશ અંગે :-**

- શાળા પરિણામ સમિતિ દ્વારા બોર્ડે નિયત કરીને આપવામાં આવેલ ધારા-ધોરણ મુજબ જે પરિણામ તૈયાર થશે તે પરિણામના આધારે બોર્ડ દ્વારા ગુણપત્રક (પરિણામપત્રક) આપવામાં આવશે. તેના આધારે ધોરણ-11માં પ્રવેશ આપવા સમિતિ ભલામણ કરે છે.

**(16) સમગ્ર પ્રક્રિયાનું સમયપત્રક :-**

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| 1 | બોર્ડ દ્વારા જાહેર કરેલ પધ્ધતિ મુજબ વિદ્યાર્થીઓના પરિણામનું શાળાઓ દ્વારા આખરીકરણ | તા.04/06/2021 થી તા.10/06/2021 |
| 2 | શાળા દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની કાર્યવાહી. | તા.08/06/2021 થી તા.17/06/2021 |
| 3 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન પરિણામની જાહેરાત | જૂનના અંતિમ અઠવાડિયામાં |
| 4 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ગુણપત્રક / પ્રમાણપત્રનું વિતરણ | જુલાઈના બીજા અઠવાડિયામાં |

**સફળતાનું પ્રથમ રહસ્ય છે આત્મવિશ્વાસ. - એમર્સન**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા
વિનિયમો (સુધારેલા)- 2005ના વિનિયમ 40(1), 40(4),
45(1) અને 45(2)માં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1221/575/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 03-06-2021

**વંચાણે લીધા :**

(1) શિક્ષણ વિભાગનો તા. 21-05-2021નો ઠરાવ ક્રમાંક : મશબ/1221/552/છ.

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. 01-06-2021નો પત્ર ક્રમાંક : મઉમશબ/માધ્યમિક /મા.પ્ર.-2021/1087.

**આમુખ :**

કોરોના (કોવિડ-19) ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે સને 2021ના વર્ષમાં ધોરણ-10માં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓને બોર્ડની જાહેર પરીક્ષાના બદલે માસ પ્રમોશન આપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ હતો. જે અન્વયે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (1) સામેના તા.21-05-2021ના ઠરાવથી ધોરણ-10ના વિદ્યાર્થીઓને આપવાના રિપોર્ટ કાર્ડ (પરિણામ પત્રક) તેમજ ધોરણ-11માં પ્રવેશ અંગેની જોગવાઈઓ અંગેની ભલામણો નક્કી કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમિતિની ભલામણોને રાજ્ય સરકારની મંજૂરી માટે તેમજ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવા માટે વર્ષ-2021 પૂરતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા) - 2005 ના વિનિયમ 40(1), 40(4), 45(1) અને 45(2) માં આ સાથે સામેલ પત્રક-અ મુજબ સુધારા કરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (2) સામેના તા.01-06-2021ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે સને 2021ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને આપવાના રિપોર્ટ કાર્ડ (પરિણામ પત્રક) તેમજ ધોરણ-11માં પ્રવેશ અંગેની જોગવાઈઓ અંગેની સમિતિની ભલામણોને તેમજ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવા માટે વર્ષ-2021 પૂરતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર વિનિયમો (સુધારેલા) -2005ના વિનિયમ 40(1), 40(4),45(1) અને 45(2)માં આ સાથે સામેલ પત્રક-અ મુજબ સુધારેલી જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા. 02-06-2021ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ. પટેલ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-10/બી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના. સે.અ. સિલેકટ ફાઈલ.
- સિલેકટ ફાઈલ.

**તે માણસ કે જે સારાં પુસ્તકો વાંચતો નથી તે વાંચવા અસમર્થ માણસ કરતાં વધુ લાભ મેળવી શકતો નથી.**

**શિક્ષણ વિભાગના તા.03-06-2021ના ઠરાવ ક્રમાંક : મશબ/1221/575/છ સાથેનું બિડાણ**
**પત્રક-અ**

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઈ | સુધારા માટે સૂચવેલ જોગવાઈ |
|---|---|---|---|
| 1 | 40(1) | જો પૃથ્થક ઉમેદવારો સિવાયના કોઈ ઉમેદવાર બધા વિષયોમાં મળીને પાંચ ગુણથી વધુ નહીં તેટલા ગુણથી 'D' (ડી) ગ્રેડ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થશે તો આવી ગુણ-તૂટને ક્ષમ્ય ગણવામાં આવશે. | જો પૃથ્થક ઉમેદવારો સિવાયના કોઈ ઉમેદવાર કોઈ પણ વિષયમાં 33 ગુણથી વધુ નહીં તેટલા ગુણથી 'D' (ડી) ગ્રેડ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થશે તો આવી ગુણ-તૂટને ક્ષમ્ય ગણવામાં આવશે. ઉપરોક્ત લાભ તમામ વિષયોમાં આપવાપાત્ર રહેશે અને આ રીતે મહત્તમ 198 ગુણથી વધુ નહીં તેટલા ગુણની તૂટ ક્ષમ્ય ગણવાની રહેશે. |
| 2 | 40(4) | ઉપરોક્ત પેટા વિનિયમ-40(1) ને અનુલક્ષીને સફળ જાહેર કરેલા ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર પોતાને સદરહુ 40(1) નો લાભ જોઈતો નથી તેવી લેખિત રજૂઆત (તેના વાલીની લેખિત સંમતિ સાથે) પરિણામ જાહેર થયાની તારીખથી 30 દિવસમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રજૂ કરશે તો તેવા કિસ્સામાં જે તૂટ ક્ષમ્ય ગણવામાં આવી હોય તે રદ કરીને ઉમેદવારને એ શરતે યથા પ્રસંગ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અથવા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર મેળવવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે કે ઉમેદવારને જે ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ તરફથી મળ્યું હોય તે તેમણે તેમની ઉપર મુજબની અરજીની સાથે જ બોર્ડમાં પરત એટલે કે જમા કરાવવાનું રહેશે. આવા ઉમેદવારો તરત પછીની જુલાઈ / માર્ચની પરીક્ષામાં ફરીથી ઉપસ્થિત થઈ શકશે. | ઉપરોક્ત પેટા નિયમ -40(1)ને અનુલક્ષીને સફળ જાહેર કરેલા ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર પોતાને સદરહુ 40(1)નો લાભ જોઈતો નથી તેવી લેખિત રજૂઆત (તેના વાલીની લેખિત સંમતિ સાથે) પરિણામ જાહેર થયાની તારીખથી 10 દિવસમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રજૂ કરશે તો તેવા કિસ્સામાં જે તૂટ ક્ષમ્ય ગણવામાં આવી હોય તે રદ કરીને ઉમેદવારને એ શરતે યથા પ્રસંગ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અથવા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર મેળવવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે કે ઉમેદવારને જે ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ તરફથી મળ્યું હોય તે તેમણે તેમની ઉપર મુજબની અરજીની સાથે જ બોર્ડમાં પરત એટલે કે જમા કરાવવાનું રહેશે. આવા ઉમેદવારો તરત પછીની જુલાઈ/ માર્ચની પરીક્ષામાં ફરીથી ઉપસ્થિત થઈ શકશે. |

**બીજાના હિતમાં પરોવાયેલો સજ્જન વિનાશ થાય તોપણ વૈરવૃત્તિ પામતો નથી.**
**ચંદનનું વૃક્ષ કપાતાં પણ કુહાડીની ધારને સુવાસિત કરે છે. - વેદવ્યાસ**

**શિક્ષણ વિભાગના તા.03-06-2021ના ઠરાવ ક્રમાંક : મશબ/1221/575/છ સાથેનું બિડાણ**

**પત્રક-અ**

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઈ | સુધારા માટે સૂચવેલ જોગવાઈ |
|---|---|---|---|
| 3 | 45(1) | કોઈપણ વિષયમાં ઉમેદવારના ઉત્તરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે કે નહીં અથવા તે વિષયમાં ગુણના સરવાળામાં ભૂલ છે કે નહીં તેની ખરાઈ માટે પરીક્ષામાં ઉપસ્થિત થયેલા કોઈ પણ ઉમેદવાર આ પરીક્ષામાં પરીક્ષા સચિવશ્રીને નિયત નમૂનામાં સંપૂર્ણ માહિતી સાથે અરજી કરી શકશે. આવી અરજી ઉમેદવારે જે શાળાએ તેને પરીક્ષા માટે મોકલી આપ્યો હોય તે શાળાના વડા મારફતે પરીક્ષાના પરિણામની તારીખથી બે અઠવાડિયાની અંદર અને દરેક વિષયદીઠ નિયત ફી મોકલાવી જોઈશે. | કોઈપણ વિષયમાં ઉમેદવારના ઉત્તરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે કે નહીં અથવા તે વિષયમાં ગુણના સરવાળામાં ભૂલ છે કે નહીં તેની ખરાઈ માટે પરીક્ષામાં ઉપસ્થિત થયેલા કોઈપણ ઉમેદવાર આ પરીક્ષામાં પરીક્ષા સચિવશ્રીને નિયત નમૂનામાં સંપૂર્ણ માહિતી સાથે અરજી કરી શકશે. આવી અરજી ઉમેદવારે જે શાળાએ તેને પરીક્ષા માટે મોકલી આપ્યો હોય તે શાળાના વડા મારફતે પરીક્ષાના પરિણામની તારીખથી બે અઠવાડિયાની અંદર અને દરેક વિષયદીઠ નિયત ફી મોકલાવી જોઈશે.<br>નોંધઃ કોઈપણ વિષયમાં મેળવેલ ગુણની ખરાઈની જોગવાઈ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓ માટે વર્ષ 2021ની પરીક્ષા માટે લાગુ પાડી શકાશે નહીં. ધોરણ-10ના નિયમિત ઉમેદવારો સિવાયના ઉમેદવારો માટે જોગવાઈ લાગુ પાડવાની રહેશે. |
| 4 | 45(2) | જો ચકાસણીમાં માલૂમ પડે કે અનુત્તીર્ણ થયેલા ઉમેદવાર પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે તો તેને ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવશે. | જો ચકાસણીમાં માલૂમ પડે કે અનુત્તીર્ણ થયેલા ઉમેદવાર પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે તો તેને ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવશે.<br>નોંધઃ કોઈપણ વિષયમાં મેળવેલ ગુણની ખરાઈની જોગવાઈ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓ માટે વર્ષ-2021ની પરીક્ષા માટે લાગુ પાડી શકાશે નહીં. જેથી ઉક્ત લાભ મળશે નહીં. જ્યારે ધોરણ-10ના નિયમિત ઉમેદવારો સિવાયના ઉમેદવારો માટે જોગવાઈ લાગુ પાડવાની રહેશે. |

**સદાચાર અને નિર્મળ જીવન જ સાચા શિક્ષણનો આધાર છે. - મહાત્મા ગાંધી**

રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક, માધ્યમિક
અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં
ઑનલાઈન શિક્ષણકાર્ય ચાલુ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃમશબ/1220/874/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.05-06-2021

**<u>વંચાણે લીધા</u> :**

(1) સમગ્ર શિક્ષા અભિયાનનો તા. 01-06-2021 નો
પત્ર ક્રમાંકઃ એસએસએ/ ક્યુ.ઈ.સેલ./1/2021/17542-17647

**<u>પરિપત્ર</u> :**

સમગ્ર શિક્ષા અભિયાનના વંચાણે લીધેલ ક્રમાંક-1 સામેના તા.01-06-2021ના પત્રથી ધોરણ-3 થી ધોરણ-12ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કાર્યમાં માઈક્રોસોફ્ટ ટીમ્સનો ઉપયોગ કરવા બાબતે વિગતવાર સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.07-06-2021થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થનાર છે. કોરોના (કોવિડ-19)ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે રાજ્યની તમામ બોર્ડની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વંચાણે લીધેલ ક્રમાંક-(1) ની સૂચનાઓ ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા અન્ય સૂચનાઓ ન મળે ત્યાં સુધી ઑનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને શાળાએ બોલાવાના રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

1. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
2. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
3. માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
4. માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
5. માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
6. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.

**કોઈ એવી ઘડિયાળ નહિ બનાવી શકે જે વીતેલા કલાકોને પુનઃ વગાડી શકે, વીતેલા સમયને પાછો લાવી શકે. - ડિકન્સ**

7. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, બ્લોક નં.4, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. અગ્રસચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-9/1.ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
12. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
13. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સૅક્ટર-12, ગાંધીનગર.
14. સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ(કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
15. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ મારફતે)
16. સચિવાલયના સર્વે વિભાગો.
17. વિભાગની સર્વે શાખાઓ.
18. નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.
19. શાખા સિલેક્ટ ફાઈલ.

## શાળાઓએ ફોટોગ્રાફ્સ અને અહેવાલ મોકલવા અંગે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ રજિસ્ટર્ડ શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આપણું આ મૅગેઝિન બહોળો ફેલાવો ધરાવે છે. ટાઈટલ પેજ-3 ઉપર રાજ્યની શાળાઓમાં થતી જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્ર કક્ષાની સિદ્ધિઓવાળી વિગતો ફોટો સાથે દર મહિને મૂકવામાં આવે છે. અભ્યાસપ્રેરક અને અભ્યાસપૂરક નોંધપાત્ર વિશિષ્ટ સિદ્ધિઓ આપ એક પાનાની મર્યાદામાં અહેવાલ સ્વરૂપે મોકલો ત્યારે સુંદર ગુણવત્તાવાળા અસલ ફોટોગ્રાફસ પણ અચૂક મોકલશો તો તેને આ અંકોમાં સ્થાન આપીશું. આ કાર્ય દર માસે 5 તારીખ પૂર્વે તેના અગાઉના માસમાં થયેલી પ્રવૃત્તિની ટૂંકી વિગત સાથે સમયસર લખીને મોકલવા સૌને અનુરોધ છે. ઝેરોક્ષ કોપીવાળા ફોટા ન મોકલવાં. સારી ગુણવત્તાવાળી તસવીરોના અસલ એક-બે ફોટોગ્રાફ મોકલી અંકને વધુ ગુણવત્તાસભર, સુંદર અને ઉપયોગી બનાવવામાં સહભાગી બનશો.

ફોટામાં શાળાની પ્રવૃત્તિ સાથે બાળકો અને શાળા પરિવાર કેન્દ્રમાં હોય એવા જ એક/બે ફોટા અને તે નીચે મૂકાતી બે-ત્રણ વાક્યની વિગત નીચેના 'ઈ-મેઈલ' એડ્રેસ પર મોકલશો.

**E-mail : shikshanparikshan.gseb@gmail.com**

**લક્ષ્મી (સંપત્તિ) માંગલ્યમાંથી ઉદ્ભવે છે, ચતુરાઈથી વધે છે, નિપુણતાથી જડ બાંધે છે અને સંયમથી કાયમ વસે છે.**

**રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં Home Learning દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે સૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મશબ/1220/874/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ 05-06-2021

**વંચાણે લીધા :**

1. શિક્ષણ વિભાગનો તારીખ 05/06/2021નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ/11/2020 192931/ક
2. ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, ગાંધીનગરનો તારીખ 01-06-2021 નો પત્રક્રમાંક : એસએસએ/ક્યુ.ઈ.સેલ/1/2021/17542/17647.

**પ્રસ્તાવના :**

કોવિડ-19 ની મહામારી અન્વયે સંદર્ભ (1) હેઠળના ઠરાવથી શૈક્ષણિક વર્ષ 2020-21માં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે Home Learning માટે સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ વખતો વખતની સ્થિતિને ધ્યાને લઈને યથોચિત સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

રાજ્યની વિવિધ વિસ્તારોમાં કોરોના વાયરસ (Covid -19) ની હયાત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને, જાહેર આરોગ્યનું હિત જોખમાય નહીં તે રીતે શૈક્ષણિક વર્ષ 2021-22 માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કેવી રીતે શરૂ કરવી તે અંગે કાર્યપદ્ધતિ નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

ઉપર્યુક્ત બાબતે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, રાજ્યની સરકારી, બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) અને ખાનગી (સ્વનિર્ભર) પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષ 2021-22 ની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે હાલની સ્થિતિને અનુલક્ષીને નીચે મુજબની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(1) રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તારીખ 07-06-2021 થી ધોરણ-1 તથા ધોરણ-9માં પ્રવેશ આપવાની કામગીરી શરૂ કરવાની રહેશે અને પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની ડાયસમાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(2) સામાન્ય વહીવટ વિભાગના તા. 05-06-2021ના પરિપત્ર અનુસાર રાજ્યની સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરી 100% રાખવાની સૂચના આપવામાં આવેલ છે, તે મુજબ રાજ્યની તમામ શાળાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફની હાજરી 100% રાખવાની રહેશે. સંબંધિત શાળાની વિદ્યાર્થી સંખ્યા અને કરવાની થતી કામગીરીને ધ્યાને લઈને મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીની સૂચનાનુસાર ફરજો બજાવવાની રહેશે. ભવિષ્યમાં ગૃહ વિભાગ કે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાને ધ્યાને લઈને કર્મચારીઓની હાજરી શાળામાં સુનિશ્ચિત કરવાની રહેશે.

**સમય હાથમાંથી નીકળી જાય પછી માત્ર પશ્ચાતાપ જ હાથ લાગે છે. - સ્વેટ માર્ડન**

(3) જે વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવે છે, તેવા વિદ્યાર્થીઓને તારીખ 07-06-2021થી તારીખ 18-06-2021 સુધીમાં પુસ્તકો મળી જાય તે મુજબની વ્યવસ્થા દરેક શાળાએ ગોઠવવાની રહેશે. આ માટે Social Distancing નું સંપૂર્ણ પાલન કરીને વિદ્યાર્થીઓને એકત્ર કરવાના રહેશે નહીં. શક્ય હોય ત્યાં સુધી વિદ્યાર્થીઓને ઘરે બેઠાં જ પુસ્તકો મળી જાય તે મુજબનું આયોજન દરેક શાળાના મુખ્ય શિક્ષક / આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

(4) હયાત પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કોઈપણ વિદ્યાર્થીએ શાળામાં આવવાનું રહેશે નહીં અને વિદ્યાર્થીઓને શાળાએ બોલવવાના રહેશે નહીં. પરંતુ તેઓને ઘરે બેઠા અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક પ્રવૃત્તિઓ મળી રહે તે મુજબ Learningની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

(5) વિદ્યાર્થીઓની Learningની પ્રક્રિયા (શૈક્ષણિક કાર્ય) ઘેર બેઠા થઈ શકે તે માટે સાહિત્ય, ઑનલાઈન એજ્યુકેશન, મોબાઈલના ઉપયોગ દ્વારા, માઈક્રોસોફટ ટીમ્સના માધ્યમથી, ટેલિવિઝનના માધ્યમ દ્વારા જરૂરી પ્રબંધ કરવાનો રહેશે. આ હેતુસર GCERT અને સર્વ શિક્ષા અભિયાન દ્વારા ઑનલાઈન શિક્ષણ અંગે જે કોઈ સૂચનાઓ આપવામાં આવે તે મુજબ શાળાઓમાં ઑનલાઈન શૈક્ષણિક કાર્ય કરવાનું રહેશે.

(6) DD GIRNAR ટેલિવિઝન ચૅનલ પરથી બાળકો માટેના શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવશે. જેનું સમયપત્રક GCERT અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવશે. આ પ્રસારણની તમામ વિદ્યાર્થીઓને જાણ થાય તેવી વ્યવસ્થા શાળાના મુખ્ય શિક્ષક / આચાર્યશ્રીએ શિક્ષકો મારફતે કરવાની રહેશે.

(7) તમામ બાળકો દૂરવર્તી શૈક્ષણિક કાર્યક્રમોનો મહત્તમ લાભ લઈ શકે તે માટે દરેક શાળાના મુખ્ય શિક્ષક / આચાર્યશ્રીએ વિદ્યાર્થીના વાલી, એસ.એમ.સી. વગેરે મારફતે ચોકસાઈપૂર્વક આયોજનબદ્ધ પ્રયત્નો કરવાના રહેશે.

(8) શાળાઓમાં શૈક્ષણિક કાર્ય માટે ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, ગાંધીનગર(SSA) તરફથી તારીખ 24-05-2021 અને તારીખ 01-06-2021ના રોજ આપવામાં આવેલ સૂચના અનુસાર તેમજ વખતોવખત મળતી સૂચનાઓ અનુસાર શૈક્ષણિક કાર્યવાહી કરવાની રહેશે.

(9) રાજ્ય સરકાર દ્વારા બાળકોના Learning માટે પ્રસારિત કરવામાં આવનાર દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમનો મહત્તમ લાભ તમામ બાળકો નિયમિત રીતે લઈ શકે તે માટે જરૂરી મદદ અને સહકાર મળી રહે તે માટે વાલીઓને પણ અપીલ કરવામાં આવે છે.

(10) ધોરણ-3 થી 5 માટેનું સાહિત્ય સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા, ધોરણ 6 થી 8 માટેનું સાહિત્ય GCERT દ્વારા અને ધોરણ-10 અને 12 માટેનું સાહિત્ય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરીને શાળાઓ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(11) આ સમય દરમિયાન મધ્યાહ્ન ભોજન માટે કુકીંગ કોસ્ટ અને અનાજ વિતરણની વ્યવસ્થા ચાલુ રાખવાની રહેશે.

(12) જે ખાનગી શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓને ઘરે બેઠા શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. તેવી શાળાઓએ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ પણ આવા શિક્ષણથી વંચિત ન રહી જાય અને તેઓ માટે પણ છાપેલ સાહિત્ય પણ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(13) શાળાઓ બંધ રહેતા સમયમાં પણ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કઈ રીતે કરી શકાય તથા શિક્ષણના અન્ય વિષયો બાબતે ઉપાયો પ્રયોજવાના રહેશે.

**ધર્મ વિનાનું વિજ્ઞાન પાંગળું છે, વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે. - આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તારીખ : 05-06-2021 નોંધથી મળેલ મંજૂરીને અનુલક્ષીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(રોનક મહેતા)**
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ :**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ અને મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સૅક્ટર - 17, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, મધ્યાહ્ન ભોજનની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સૅક્ટર -12, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

(ઉપરના ચાર માટે: (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત.))

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેકટ ફાઈલ.

**તમારે પોતાની દિનચર્યા એવી બનાવવી જોઈએ કે એક ક્ષણની પણ તમને ફુરસદ ન મળે. - ગાંધીજી**

**સમયમર્યાદા**
**ખૂબ અગત્યનું**

ક્રમાંકઃ મઉમશબ/મા.& ઉ.મા.પરીક્ષા/મા.પ્ર-2021/ H/329
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.05-06-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજ્ય.

**વિષય :** બોર્ડની જાહેર પરીક્ષા - 2021 ના બદલે નિયમિત વિદ્યાર્થીઓને પાસ જાહેર કરવાની જોગવાઈ અનુસાર પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ આધારોનું વેરીફિકેશન કરવા બાબત.

**સંદર્ભ :** (1) શિક્ષણ વિભાગના તા.03-06-2021 ના ઠરાવ ક્રમાંકઃ મશબ/1221/575/છ
(2) અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-2021/1089 તા.03-06-2021

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજયમાં કોરોના સંક્રમણના કેસો વધવાને કારણે રાજ્ય સરકાર દ્વારા ધોરણ-10, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા જે તા. 10-05-2021થી તા. 25-05-2021 દરમિયાન યોજાનાર હતી. તા.15-04-2021ના રોજ COVID - 19ના સંક્રમણને ધ્યાને લેતાં પરીક્ષાઓ સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

રાજ્ય સરકાર દ્વારા તા.13-04-2021 ના રોજ ધોરણ-10ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવાનો નિર્ણય કરેલ હતો અને માસ પ્રમોશનથી પાસ જાહેર કરવા માટેની નીતિ માટે સમિતિની રચના કરેલ હતી. ઉક્ત સમિતિએ રાજ્ય સરકારને અહેવાલ રજૂ કરેલ હતો. જે અહેવાલની ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે.

સંદર્ભદર્શિત પત્ર-2 થી ધોરણ-10 ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. તા.05-06-2021 ના રોજ બાયસેગના માધ્યમથી તમામ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વહીવટ સ્ટાફને પરિણામ તૈયાર કરવાની સમજ આપવામાં આવેલ છે. પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાનાર તમામ આધારોનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રતિનિધિ મારફતે વેરીફિકેશન કરવા અંગે પરિપત્રમાં અને બાયસેગના માધ્યમથી મૌખિક જાણકારી આપવામાં આવેલ હતી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ યોગ્ય ટીમોની રચના કરીને નીચે દર્શાવેલ આધારોની ચકાસણી કરવા જણાવવામાં આવે છે.

**ભૂતકાળના વીતી ગયેલા સમયને ખરીદી શકાય એટલી સંપત્તિ કોઈ માણસ પાસે નથી. - ઑસ્કાર વાઈલ્ડ**

**ચકાસણી માટેના આધારો :**

(1) શાળા દ્વારા ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના પ્રવેશ, જે શાળામાંથી ધોરણ-9 / ધોરણ-10 કે ધોરણ-11 માંથી રજૂ કરેલ શાળા છોડ્યાના પ્રમાણપત્ર, જનરલ રજિસ્ટર નોંધ ચકાસીને પ્રવેશની યોગ્યતા ચકાસવાની રહેશે.

(2) શાળા દ્વારા ધોરણ-10ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના ધોરણ-9ના પરિણામની નકલ અને ધોરણ-10ની સામાયિક કસોટી અને એકમ કસોટીના આધારોનું વેરીફિકેશન.

(3) શાળા દ્વારા ધોરણ-12ની બોર્ડની જાહેર પરીક્ષામાં મોકલાવેલ ઉમેદવારોના ધોરણ-10ના બોર્ડના પરિણામ, ધોરણ-11 ના પરિણામની નકલ અને ધોરણ-12ની સામાયિક કસોટી અને એકમ કસોટીના આધારોનું વેરીફિકેશન.

ઉપરોક્ત પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ તમામ આધારો જેવા કે સામાયિક કસોટીનાં પ્રશ્નપત્રો, એકમ કસોટીના પ્રશ્નપત્રો, વિદ્યાર્થીએ આપેલા ઉત્તરોની નોંધ અથવા ઉત્તરવહી, એસાઈમેન્ટ વર્ક વગેરેની ચકાસણી કરવાની રહેશે.

આમ, વેરીફિકેશન કરેલ તમામ આધારો ઉપર વેરીફિકેશન કરનાર પ્રતિનિધિના સહી, નામ, હોદ્દો અને તારીખ દર્શાવવાની રહેશે. શાળા પાસેથી આ તમામ આધારોની એક નકલ પ્રતિનિધિએ મેળવી લેવાની રહેશે. ઉક્ત કામગીરી તા.10-06-2021ને ગુરૂવાર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

**(ડી.એસ.પટેલ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

**ઈશ્વર એક જ વાર એક ક્ષણ આપે છે અને બીજી ક્ષણ દેતાં પહેલાં તે ક્ષણને લઈ લે છે. - સ્વેટ માર્ડન**

**સમયમર્યાદા**
**ખૂબ અગત્યનું**

ક્રમાંકઃ મઉમશબ/વિજ્ઞાન પ્રવાહ/2021/197
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅકટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.19-06-2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજ્ય.

**વિષય :** સને-2020-21 ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-12 ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા બાબત.

**સંદર્ભ :** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/1221/741/છ, તા.19-06-2021

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ, ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને અન્ય પ્રવાહની પરીક્ષાઓ તા.01-07-2021 થી યોજવાની જાહેરાત કરેલ હતી પરંતુ રાજ્યમાં કોરોના સંક્રમણથી રાજ્યની સ્થિતિને ધ્યાને લઈ તા.02-06-2021ના રોજ સને 2020-21ના વર્ષમાં ધોરણ-12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરવા સરકારશ્રીએ નિર્ણય કરેલ હતો.

સરકારશ્રી દ્વારા સને 2020-21 ના વર્ષમાં ધોરણ-12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરીને પરિણામ તૈયાર કરવાના નિર્ણયથી ઉદ્ભવનાર પ્રશ્નોના નિકાલ માટેના ઉપાયો સૂચવવા અને ભલામણો મેળવવા માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ/1221/552/છ, તા.04-06-2021 થી શિક્ષણવિદોની સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિની બેઠક તા.09-06-2021 ના રોજ મળેલ હતી. સમિતિએ સને 2020-21 ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-12 ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટે ભલામણો કરેલ અને ઉક્ત ભલામણોનો મહદ્અંશે સરકારશ્રીએ સ્વીકાર કરેલ છે. વિદ્યાર્થીઓના ગુણાંકન બાબતે સરકારશ્રીએ લીધેલ નિર્ણય બાદ તે અંગેની જાહેરાત બોર્ડ દ્વારા તા.17-06-2021ના રોજ કરવામાં આવેલ હતી. સને 2020-21ના વર્ષમાં અભ્યાસ કરતા ધોરણ-12ના નિયમિત વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટેની સમિતિએ કરેલ ભલામણોનો મહદઅંશે રાજ્ય સરકારશ્રી દ્વારા સંદર્ભદર્શિત ઠરાવથી સ્વીકાર કરેલ છે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને ભલામણોના આધારે આનુષાંગિક કાર્યવાહી કરવા જણાવેલ છે.

સને 2020-21 ના વર્ષમાં ધોરણ-12 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની બોર્ડની જાહેર પરીક્ષાના બદલે પરિણામ તૈયાર કરવા માટે જરૂરી વિગતવાર સૂચનાઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-ક મુજબ તૈયાર કરેલ છે. ઉક્ત સૂચનાઓ ધ્યાને લઈ નિયત કરેલ સમયપત્રક મુજબ આપશ્રીના તાબા હેઠળની ઉચ્ચતર માધ્યમિક વિભાગનું શૈક્ષણિક કાર્ય કરતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ચોકસાઈપૂર્વક કામગીરી પૂર્ણ કરવા અને આપની કક્ષાએથી યોગ્ય સુપરવિઝન વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.

**(ડી. એસ. પટેલ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

**પ્રભુપત્ર લખવામાં કાગળ, કલમ કે શબ્દની જરૂર નથી. એ પત્રનું નામ જ પ્રાર્થના છે. - ગાંધીજી**

**બિડાણ :**

- ધોરણ-12 ના વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવા માટેની નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી. (પરિશિષ્ટ-ક)

**નકલ સવિનય રવાના :**

(1) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(2) માન.શિક્ષણમંત્રીશ્રીના, અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(3) માન.રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(4) માન.અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5, 8મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(5) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5, 7મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

(6) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(7) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9, 1લો માળ જૂના સચિવાલય, ગાંધીનગર.

(8) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં.12, જૂના સચિવાલય, ગાંધીનગર

(9) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સૅકટર-17, ગાંધીનગર.

(10) નિયામકશ્રી, પાઠયપુસ્તક મંડળ, સૅકટર-10 એ, ગાંધીનગર.

(11) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. 12, જૂના સચિવાલય, ગાંધીનગર.

(12) નિયામકશ્રી, જીસીઈઆરટી, સૅકટર-12, ગાંધીનગર.

(13) અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સૅકટર-21, ગાંધીનગર.

(14) નિયામકશ્રી, ટૅક્નિકલ શિક્ષણ, સૅકટર-10 એ, ગાંધીનગર.

**નકલ રવાના અમલવારી સારુ :**

(1) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સદર કચેરી.

(2) સંયુક્ત નિયામકશ્રી (સંશોધન શાખા), સદર કચેરી.

(3) નાયબ નિયામક પરીક્ષા, (વિજ્ઞાન પ્રવાહ), (સામાન્ય પ્રવાહ) અને માધ્યમિક વિભાગ, સદર કચેરી.

(4) આચાર્યશ્રી, રજિસ્ટર માધ્યમિક શાળાઓ, તમામ તરફ જરૂરી કાર્યવાહી અને અમલવારી સારુ.

(5) સદર કચેરીની શાખાઓ તરફ.

**મન વિચાર અને માન્યતાઓથી મુક્ત હોય છે ત્યારે જ સાચી રીતે સક્રિય બને છે. - જે કૃષ્ણમૂર્તિ**

## પરિશિષ્ટ - ક

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
સને 2020-21 ના વર્ષમાં ધોરણ-12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની બોર્ડની
જાહેર પરીક્ષાના બદલે વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવા માટેની રાજ્ય સરકારશ્રીએ
ઠરાવેલ નીતિ અંતર્ગત શાળાઓએ કરવાની કાર્યવાહી.

(1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી અને સંસ્કૃત મધ્યમાના વિદ્યાર્થીઓના પરિણામ તૈયાર કરવા માટેના નિયત માપદંડો અને ગુણભારની વિગત.

| ક્રમ | વિગત | ગુણભાર |
|---|---|---|
| A | ધોરણ-10 ના બોર્ડના વિષયવાર પરિણામના (વિષયવાર મેળવેલ 70 ગુણ) આધારે ધોરણ-12 ના જૂથ મુજબના વિષયમાં ગુણાંકન. (71.43 %) | 50 ગુણ |
| B | ધોરણ-11 ના નિયમિત અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-11 ની પ્રથમ સામાયિક કસોટી (50 ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (50 ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે ગુણાંકન (50%) | 25 ગુણ |
| C | શૈક્ષણિક વર્ષ-2020-21 દરમિયાન યોજાયેલ ધોરણ-12ની પ્રથમ સામાયિક કસોટી (100 ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (25 ગુણ) એમ કુલ 125 ગુણમાંથી મેળવેલ ગુણના આધારે ગુણાંકન (20%) | 25 ગુણ |
| | **કુલ** | **100 ગુણ** |

[A] ધોરણ-10ના બોર્ડના પરિણામમાં વિષયવાર મેળવેલ 70 ગુણના આધારે ધોરણ-12માં વિદ્યાર્થીએ પસંદ કરેલ જૂથ મુજબના વિષયમાં ગુણાંકનની પધ્ધતિ.

(ક) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-10 બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ (પરિશિષ્ટ-ક)

**જૂથ-01 ના વિષય માટે :**

(1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના જૂથ-01 માંથી પસંદ કરેલ અંગ્રેજી (006) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (013) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-10ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા)માં મેળવેલ ગુણને ધોરણ-12ના વિજ્ઞાન પ્રવાહના જૂથ-01 ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-02 ના વિષય માટે :**

(1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના જૂથ-02 માંથી પસંદ કરેલ કોઈ એક દ્વિતીય ભાષા અથવા કમ્પ્યૂટર વિષયના ગુણ માટે ધોરણ-10 ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા) સિવાયની ધોરણ-10માં વિદ્યાર્થીએ પસંદ કરેલ ભાષા પૈકી કોઈ એક સંબંધિત ભાષામાંથી મેળવેલ ગુણને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના જૂથ-02 ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**એક નાનકડા ફૂલનું સર્જન કરવું એ યુગોનો પરિશ્રમ.**

**જૂથ-03 ના વિષય માટે :**

(1) ગ્રૂપ-A ના વિદ્યાર્થીઓને ધોરણ-12 ના ગણિતના ગુણ ધોરણ-10 માં ગણિતમાં મેળવેલ ગુણને ધોરણ-12ના ગણિતના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(2) ગ્રૂપ-B ના વિદ્યાર્થીઓને ધોરણ-12 ના જીવવિજ્ઞાનના ગુણ ધોરણ-10 માં વિજ્ઞાનમાં મેળવેલ ગુણને ધોરણ-12ના જીવવિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(3) ગ્રૂપ-AB ના વિદ્યાર્થીઓને ધોરણ-12ના ગણિતના ગુણ ધોરણ-10 માં ગણિતમાં મેળવેલ ગુણને ધોરણ-12 ના ગણિતના ગુણ તરીકે ગણવાના રહેશે અને ધોરણ-12 ના જીવવિજ્ઞાનના ગુણ ધોરણ-10માં વિજ્ઞાનમાં મેળવેલ ગુણને ધોરણ-12ના જીવવિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

(4) ધોરણ-12 રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનના ગુણ ધોરણ-10 માં ગણિત અને વિજ્ઞાન વિષયમાં મેળવેલ ગુણના સરેરાશ કરતાં થતા ગુણને ધોરણ-12 ના રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**પ્રાયોગિક પાસાના વિષયોનું ગુણાંકન :**

(1) ધોરણ-12 રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક પાસાના મૂલ્યાંકન માટે શાળા કક્ષાએ ધોરણ-11 અને ધોરણ-12 માં અભ્યાસ દરમિયાન વિદ્યાર્થી દ્વારા કરેલ પ્રાયોગિક કાર્યને ધ્યાને લઈ વિષયશિક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે અને તે ગુણને ધોરણ-12 રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાયોગિક વિષયના ગુણ તરીકે ગણવાના રહેશે અને તે મુજબના ગુણ શાળા દ્વારા ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

**(ખ) ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-10 બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ [પરિશિષ્ટ-ખ] અને [પરિશિષ્ટ-ખ(1)]**

**જૂથ-01 ના વિષય માટે :**

(1) ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-01 માંથી પસંદ કરેલ અંગ્રેજી (006) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (013) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-10 ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા)માં મેળવેલ ગુણને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-01 ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-02 ના વિષય માટે :**

(1) ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-02 માંથી પસંદ કરેલ કોઈ એક ભાષાના ગુણ માટે ધોરણ-10 ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા) સિવાયની ધોરણ-10માં વિદ્યાર્થીએ પસંદ કરેલ ભાષા પૈકી કોઈ એક સંબંધિત ભાષામાંથી મેળવેલ ગુણને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-02 ના પસંદ કરેલ એક (01) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-03 ના વિષય માટે :**

(1) ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-03 માંથી પસંદ કરેલ 02 વિષયો માટેના ગુણ ધોરણ-10 માં વિદ્યાર્થીએ પસંદ કરેલ સામાજિક વિજ્ઞાન અને ત્રીજી ભાષામાંથી મેળવેલ ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-03 ના પસંદ કરેલા બે (02) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**વિચારનું સૌંદર્ય આકૃતિના સૌંદર્ય કરતાં વધારે જાદુઈ અસર ઉપજાવે છે. -સૉક્રેટિસ**

**જૂથ-04 ના વિષય માટે :**

(1) ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષીના જૂથ-04 માંથી પસંદ કરેલ 03 વિષયો માટેના ગુણ ધોરણ-10 માં વિદ્યાર્થીએ પસંદ કરેલ સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને પ્રથમ ભાષામાંથી મેળવેલ ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના જૂથ-04 ના પસંદ કરેલા ત્રણ (03) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**(ગ) ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના પરિણામ તૈયાર કરતી વખતે ધોરણ-10 બોર્ડના પરિણામની ગણતરી કરેલ રીતની સમજ [પરિશિષ્ટ-ગ]**

**જૂથ-01 ના વિષય માટે :**

(1) ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-01 માંથી પસંદ કરેલ અંગ્રેજી (006) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (013) (દ્વિતીય ભાષા) ભાષાના ગુણ માટે ધોરણ-10 ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા) માં મેળવેલ ગુણને ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-01 ના વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-02 ના વિષય માટે :**

(1) ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-02 માંથી પસંદ કરેલ કોઈ એક ભાષાના ગુણ માટે ધોરણ-10 ની અંગ્રેજી (004) (પ્રથમ ભાષા) અથવા અંગ્રેજી (016) (દ્વિતીય ભાષા) સિવાયની ધોરણ-10માં વિદ્યાર્થીએ પસંદ કરેલ ભાષા પૈકી કોઈ એક સંબંધિત ભાષામાંથી મેળવેલ ગુણને ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-02 ના પસંદ કરેલ એક (01) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-03 ના વિષય માટે :**

(1) ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-03 ના પસંદ કરેલા એક વિષયના ગુણ માટે ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ગુણને ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-03 ના પસંદ કરેલ એક (01) વિષયના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**જૂથ-04 ના વિષય માટે :**

(1) ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-04 ના પસંદ કરેલા ચાર વિષયોના ગુણ માટે ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, તૃતીય ભાષા અને પ્રથમ ભાષામાં મેળવેલ ગુણની સરેરાશ કરતાં આવતા ગુણને ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના જૂથ-04 ના પસંદ કરેલ ચાર (04) વિષયોના ગુણ તરીકે ગણતરી કરવામાં આવશે.

**નોંધ :**

(1) શાળા દ્વારા ધોરણ-12ના ઓનલાઈન આવેદનપત્રો ભરતી વખતે વિદ્યાર્થીના ધોરણ-10 ના પરિણામની વિગત ભરવામાં આવેલ છે. તે ધ્યાને લઈને તે વિદ્યાર્થીના ધોરણ-10 ના બેઠક નંબર, પાસ કર્યાનું માસ અને વર્ષ અને નામના આધારે ધોરણ-10 ના વિષયવાર પરિણામને ધોરણ-12 ના નિયત થયેલી નીતિ મુજબ જૂથવાર, વિષયવાર નિયત કરેલ ગુણાંકન જેટલું ગુણાંકન કરવામાં આવેલ છે.

**જો બધા ભલા માણસો ચાલાક હોત અને બધા ચાલાક માણસો ભલા હોત તો દુનિયા છે તેના કરતાં ઘણી સુંદર હોત.**

(2) બોર્ડ દ્વારા શાળાઓના ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના નિયમિત ઉમેદવારોએ પસંદ કરેલ જૂથ મુજબના વિષયો માટે ઉપર દર્શાવ્યા મુજબ ક્રમ-A માટેનું વિષયવાર પરિણામ વિદ્યાર્થીના બોર્ડના ધોરણ-10 ના પરિણામના આધારે ગણતરી કરીને દરેક શાળાના વિદ્યાર્થીઓનું ધોરણ-12નું વિષયવાર ગુણાંકન પોર્ટલ ઉપર ઑનલાઈન મૂકવામાં આવશે. જે દરેક શાળા જોઈ શકશે.

(3) બોર્ડ દ્વારા ધોરણ-12 ના વિદ્યાર્થીએ પસંદ કરેલ વિષયની સામે તૈયાર કરેલ નીતિ મુજબ ધોરણ-10ના લાગુ પડતા વિષયમાં વિદ્યાર્થીએ બોર્ડની જાહેર પરીક્ષામાં મેળવેલ ગુણને નીતિ મુજબ ગણતરી કરીને દર્શાવવામાં આવેલ છે. જેની ખરાઈ આપની શાળાના વિદ્યાર્થીના ધોરણ-10ના પરિણામના આધારે કરી લેવાની રહેશે.

(4) જે વિદ્યાર્થી ધોરણ-10 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય રાજ્ય કે અન્ય દેશમાંથી પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે ક્રમ-A ની ગણતરી શાળા દ્વારા નીતિ મુજબ કરવાની રહેશે. જેમાં વિદ્યાર્થીએ બોર્ડ કક્ષાની પરીક્ષામાં (એટલે કે આંતરિક ગુણ સિવાય) મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે. (એટલે કે ગ્રેસ મળેલ ગુણ સિવાયના ગુણ ગણવાના રહેશે. દા.ત. કોઈ ઉમેદવાર 30 ગુણ તથા 03 ગુણ ગ્રેસ મળીને 33 ગુણ મેળવીને પાસ જાહેર થયેલ હોય તેવા કિસ્સામાં 30 ગુણ જ ધ્યાને લેવાના રહેશે.) અને તે મેળવેલ ગુણને 50 ગુણમાં રૂપાંતરિત કરી ભરવાના રહેશે અને વિદ્યાર્થીની ધોરણ-10ની તમામ (એક કે તેથી વધુ) માર્કશીટ એક PDF માં સેવ કરી અપલોડ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડના ગુણને ક્રમ-A મુજબ 50 ગુણમાં રૂપાંતરિત કરવાની પધ્ધતિ.

**દા.ત :-**

કોઈ બોર્ડની જાહેર પરીક્ષા 100 ગુણની યોજે છે આવા કિસ્સામાં વિદ્યાર્થીએ 100 ગુણમાંથી 55 ગુણ મેળવેલ હોય તો ઉક્ત 55 ગુણને ક્રમ-A મુજબ નિયત કરેલ જોગવાઈ મુજબ રૂપાંતરિત કરતા 55*50/100=27.50 ગુણ થાય. જો એક વિષય માટે ગણતરી લેવાના હોય તો પૂર્ણાંક કરવાના રહેશે. જો એક કરતાં વધુ વિષય હોય તો આ મુજબની ગણતરી કરીને આવેલા ખરેખર ગુણનો સરવાળો કરીને આખરી ગુણ જો અપૂર્ણાંક હોય તો તેને પૂર્ણાંકમાં ફેરવીને આખરી ગુણ કરવાના રહેશે.

(5) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના એવા વિદ્યાર્થીઓ કે જેઓ રીપીટર ઉમેદવારો છે, કે જેઓની ધોરણ-10ના પરિણામની વિગતમાં વિસંગતતા છે, કે તેઓનું ધોરણ-10 નું પરિણામ દર્શાવ્યા મુજબનું નથી તેવા કિસ્સાઓમાં ધોરણ-12ના ઑનલાઈન ગુણના પોર્ટલ ઉપર ક્રમ-A ની વિગતના ખાનામાં ધોરણ-10ની વિગતો દર્શાવવામાં આવેલ નથી તેવા વિદ્યાર્થીઓ માટે શાળાએ ગણતરી કરીને ગુણ ભરવાના રહેશે. જેમાં વિદ્યાર્થીએ બોર્ડ કક્ષાની પરીક્ષામાં (એટલેકે આંતરિક ગુણ સિવાય) મેળવેલ ખરેખર ગુણ ધ્યાને લેવાના રહેશે. (એટલે કે ગ્રેસ મળેલ ગુણ સિવાયના ગુણ ગણવાના રહેશે. દા.ત. કોઈ ઉમેદવાર 30 ગુણ તથા 03 ગુણ ગ્રેસ મળીને 33 ગુણ મેળવીને પાસ જાહેર થયેલ હોય તેવા કિસ્સામાં 30 ગુણ જ ધ્યાને લેવાના રહેશે.) અને તે મેળવેલ ગુણને 50 ગુણમાં રૂપાંતરિત કરી ભરવાના રહેશે અને વિદ્યાર્થીની ધોરણ-10ની તમામ (એક કે તેથી વધુ) માર્કશીટ એક PDF માં સેવ કરી અપલોડ કરવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડના ગુણને ક્રમ-A મુજબ 50 ગુણમાં રૂપાંતરિત કરવાની પધ્ધતિ.

**જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે કેવળ આપણો અભિગમ બદલવાની.**

દા.ત :-

ગુજરાત બોર્ડની જાહેર પરીક્ષામાં રીપીટર તરીકે 100 ગુણની બોર્ડ કક્ષાની પરીક્ષા આપેલ છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીએ 100 ગુણમાંથી 55 ગુણ મેળવેલ હોય તો ઉક્ત 55 ગુણને ક્રમ-A મુજબ નિયત કરેલ જોગવાઈ મુજબ રૂપાંતરિત કરતા 55*50/100=27.50 ગુણ થાય. જો એક વિષય માટે ગણતરી લેવાના હોય તો પૂર્ણાંક કરવાના રહેશે. જો એક કરતા વધુ વિષય હોય તો આ મુજબની ગણતરી કરીને આવેલા ખરેખર ગુણનો સરવાળો કરીને આખરી ગુણ જો અપૂર્ણાંક હોય તો તેને પૂર્ણાંકમાં ફેરવીને આખરી ગુણ કરવાના રહેશે.

[B] ધોરણ-11 ના અભ્યાસ દરમિયાન યોજાયેલ ધોરણ-11 ની પ્રથમ સામાયિક કસોટી (50 ગુણ) અને દ્વિતીય સામાયિક કસોટી (50 ગુણ) માંથી મેળવેલ કુલ ગુણના સરેરાશ ગુણના આધારે શાળાઓ દ્વારા કરવાનું ગુણાંકન.

(1) વિદ્યાર્થીએ પ્રથમ સામાયિક કસોટી (50 ગુણની) અને દ્વિતીય સામાયિક કસોટી (50 ગુણની) એમ બંને કસોટીઓ આપેલ હોય તો બંને કસોટીઓમાંથી મેળવેલ ગુણની સરેરાશ કાઢીને ગુણાંકન કરવાનું રહે.

દા.ત. :- (1)

ધાનીશ પ્રથમ સામાયિક કસોટીમાં 50 ગુણમાંથી 30 ગુણ મેળવેલ છે અને બીજી સામાયિક કસોટીમાંથી 23 ગુણ મેળવેલ છે. તો મેળવેલ કુલ ગુણ 53 થાય અને તેની સરેરાશ 53/2 = 26.50 ગુણને નિયત કરેલ ધોરણ મુજબ 25 ગુણમાં રૂપાંતરિત કરતાં 26.50/2 = 13.25 થાય. જેને પૂર્ણાંકમાં ફેરવતાં ધાનીશને 13 ગુણ મળવાપાત્ર થાય.

દા.ત.:- (2)

ધાનીશ પ્રથમ સામાયિક કસોટીમાં 50 ગુણમાંથી 31 ગુણ મેળવેલ છે અને બીજી સામાયિક કસોટી આપેલ નથી જેથી બીજી એકમ કસોટી માટે "00" (શૂન્ય) ગુણ ગણવાના રહે તે મુજબ મેળવેલ કુલ ગુણ 31 થાય અને તેની સરેરાશ 31/2 = 15.5 ગુણને નિયત કરેલ ધોરણ મુજબ 25 ગુણમાં રુપાંતરિત કરતાં 15.50/2= 7.75 ગુણ થાય. જેને પૂર્ણાંકમાં ફેરવતાં ધાનીશને 8 ગુણ મળવાપાત્ર થાય..

દા.ત. :- (3)

ધાનીશ પ્રથમ સામાયિક કસોટી અને બીજી સામાયિક કસોટીમાં ઉપસ્થિત ના હોય તો બંને કસોટીમાંથી મળવાપાત્ર ગુણ "00" (શૂન્ય) થાય જેથી આ વિભાગમાં "00" (શૂન્ય) ગુણ દર્શાવવાના રહે.

(2) કોઈ ઉમેદવાર શૈક્ષણિક વર્ષ - 2019-20 પહેલાના કોઈ વિદ્યાર્થી હોય તોપણ તેવા ઉમેદવારોનું ગુણાંકન તેઓના ધોરણ-11 ના પરિણામના આધારે ગુણાંકન કરવાનું રહેશે.

(3) કોઈ ઉમેદવાર ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્યમાંથી કે વિદેશમાંથી ધોરણ-11 પાસ કરીને ધોરણ-12 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શાળામાં પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થી માટે ધોરણ-11 ના પરિણામના આધારે ગુણાંકન કરવાનું રહેશે. પરંતુ ધોરણ-11 ના જે વિષયો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખા મુજબના હોય તે વિષયોનું ગુણાંકન ધોરણ-11 ના પરિણામના આધારે કરવાનું રહેશે.

(4) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખા સિવાયના વિષયોનું ગુણાંકન ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-12 ની સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-11 ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

**જીવનની સૌથી મોટી હાનિ એ મૃત્યુ નથી. સૌથી મોટી હાનિ તો આપણે જીવતા હોઈએ ત્યારે આપણી અંદર જે મરી રહ્યું હોય તે છે. - નોર્મન કઝિન્સ**

(5) ધોરણ-12 સામાન્ય પ્રવાહ કે અન્ય પ્રવાહમાં GSHSEB સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ-11 પાસ કરીને ધોરણ-12માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના વિષયોનું માળખું જો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના માળખાને અનુરૂપ વિષયો ન હોય તો ધોરણ-12 જે પ્રવાહમાં અભ્યાસ કરેલ છે તે પ્રવાહ માટે ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-12 ની સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-11ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

(6) ધોરણ-12 સામાન્ય પ્રવાહ કે અન્ય પ્રવાહમાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહ પાસ કરીને ધોરણ-12 માં પ્રવેશ મેળવનાર વિદ્યાથીને ધોરણ-12 જે પ્રવાહમાં અભ્યાસ કરેલ છે તે પ્રવાહ માટે ક્રમ-C માં દર્શાવ્યા મુજબ ધોરણ-12ની સામાયિક કસોટી અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણને ક્રમ-B ના મૂલ્યાંકન માટે એટલેકે ધોરણ-11ના ગુણ તરીકે ગણતરી કરવાની રહેશે.

[C] શૈક્ષણિક વર્ષ-2020-21 દરમિયાન યોજાયેલ ધોરણ-12 ની પ્રથમ સામાયિક કસોટી (100 ગુણ) અને વર્ષ દરમિયાન યોજાયેલ વિષયવાર એકમ કસોટી (25 ગુણ) એમ કુલ 125 ગુણમાંથી મેળવેલ ગુણના આધારે શાળાઓ દ્વારા કરવાનું ગુણાંકન

વર્ષ 2020-21 દરમિયાન ધોરણ-12માં યોજાયેલ એકમ કસોટીની વિગત

| ક્રમ | પ્રવાહ | વિષય | | ધોરણ-12માં યોજાયેલ એકમ કસોટીની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | વિજ્ઞાન | અંગ્રેજી | (006) | 03 |
| | | અંગ્રેજી | (013) | 03 |
| | | ગણિત | (050) | 03 |
| | | જીવવિજ્ઞાન | (056) | 03 |
| | | રસાયણ વિજ્ઞાન | (052) | 04 |
| | | ભૌતિક વિજ્ઞાન | (054) | 04 |
| 2 | સામાન્ય | અંગ્રેજી | (013)(S.L) | 06 |
| | | અંગ્રેજી | (006)(F.L) | 06 |
| | | વાણિજ્ય વ્યવસ્થા | (046) | 03 |
| | | મનોવિજ્ઞાન | (141) | 05 |
| | | નામાનાં મૂળતત્ત્વો | (154) | 03 |
| | | અર્થશાસ્ત્ર | (022) | 03 |
| | | આંકડાશાસ્ત્ર | (135) | 02 |

**તમે જો અભ્યાસ કરવા ચાહો તો, માણસ માત્ર એક ગ્રંથરૂપ છે. - ચેનિંગ**

**શાળાએ ધ્યાનમાં રાખવાની વિગતો :**

(1) જે વિષયમાં એકમ કસોટી યોજાયેલ હોય તેવા વિષયો માટે વિદ્યાર્થીએ આપેલ એકમ કસોટીઓ પૈકી સૌથી વધુ ગુણવાળી એકમ કસોટીના ગુણ ધ્યાને લેવાના રહેશે.

(2) પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણ અને એકમ કસોટીના 25 ગુણ એમ કુલ 125 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(3) જે વિષયમાં એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષય માટે પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને ગુણાંકન કરવાનું રહેશે.

(4) ઉમેદવારે પ્રથમ સામાયિક કસોટી કે કોઈપણ એકમ કસોટી આપેલ ન હોય તેવા કિસ્સામાં ક્રમ-C ના ગુણાંકનમાં ઉમેદવારને "00" (શૂન્ય) ગુણ આપવાના રહેશે.

**(a) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે :**

(1) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે પસંદ કરવાના વિષયો કુલ 03 જૂથમાંથી પસંદ કરવાની જોગવાઈ છે.

(2) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-01માં અંગ્રેજી (006) (પ્રથમ ભાષા) અને અંગ્રેજી (013) (દ્વિતીય ભાષા) માંથી કોઈ એક ભાષા પસંદ કરવાની જોગવાઈ છે.

(3) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-02 માંથી ગુજરાતી (001) (પ્રથમ ભાષા), હિન્દી (002) (પ્રથમ ભાષા), મરાઠી (003) (પ્રથમ ભાષા), ઉર્દૂ (004) (પ્રથમ ભાષા), સિંધી (005) (પ્રથમ ભાષા), ગુજરાતી (008) (દ્વિતીય ભાષા), હિન્દી (009) (દ્વિતીય ભાષા), સંસ્કૃત (129) / ફારસી (130) / અરબી (131) / પ્રાકૃત (132) અને કમ્પ્યૂટર ઍજ્યુકેશન (331) માંથી કોઈ એક વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(4) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-03માં ગણિત (050), રસાયણ વિજ્ઞાન સૈદ્ધાંતિક (052) અને પ્રાયોગિક (053), ભૌતિક વિજ્ઞાન સૈદ્ધાંતિક (054) અને પ્રાયોગિક (055) અને જીવવિજ્ઞાન સૈદ્ધાંતિક (056) અને પ્રાયોગિક (057) માંથી ગૃપ-A, ગૃપ-B અને ગૃપ-AB મુજબ વિષયો પસંદ કરવાની જોગવાઈ છે.

(5) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન જૂથ-01 અને જૂથ-03 માટેના વિષયોની એકમ કસોટી યોજાયેલ છે.

(6) ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે જૂથ-01 અને જૂથ-03 ના વિષયો માટે સામાયિક કસોટીના 100 ગુણ અને એકમ કસોટીના 25 ગુણ એમ કુલ મળીને 125 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(7) જૂથ-02 માંથી પસંદ કરવાના એક વિષય માટેની એકમ કસોટી યોજાયેલ નથી તેથી જૂથ-02 ના વિષય માટે પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

**(b) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે :**

(1) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે કુલ 04 જૂથ માંથી વિષયો પસંદ કરવાની જોગવાઈ છે.

(2) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન જૂથ-01ના વિષયો અંગ્રેજી (006) (પ્રથમ ભાષા) અને અંગ્રેજી (013) (દ્વિતીય ભાષા) ની 06 (છ) એકમ કસોટીઓ યોજાયેલ છે. ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-01 ના વિષયો માટે સામાયિક કસોટીના 100 ગુણ અને એકમ કસોટીના 25 ગુણ એમ કુલ મળીને 125 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(3) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન જૂથ-02 માટે કોઈ એકમ કસોટી યોજાયેલ નથી. ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-02 ના વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

**સમૃદ્ધિમાં મિત્રો આપણને જાણે છે, વિપત્તિમાં આપણે એમને જાણીએ છીએ.**

(4) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે જૂથ-03ના વિષયો વાણિજ્ય વ્યવસ્થા (046), નામાનાં મૂળતત્ત્વો (154), મનોવિજ્ઞાન (141), સંસ્કૃત (129) / ફારસી (130) / અરબી (131) / પ્રાકૃત (132) અને હિન્દી (009) માંથી કોઈ પણ બે (02) વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(5) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-03ના વિષયો વાણિજ્ય વ્યવસ્થા (046) ની 03 એકમ કસોટી, નામાનાં મૂળતત્ત્વો (154) ની 03 એકમ કસોટી અને મનોવિજ્ઞાન (141) ની 05 એકમ કસોટી યોજાયેલ છે.

(6) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-03 ના વાણિજ્ય વ્યવસ્થા (046), નામાનાં મૂળતત્ત્વો (154) અને મનોવિજ્ઞાન (141) વિષયો માટે સામાયિક કસોટીના 100 ગુણ અને એકમ કસોટીના 25 ગુણ એમ કુલ મળીને 125 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(7) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-03ના સંસ્કૃત (129) / ફારસી (130) / અરબી (131) / પ્રાકૃત (132) અને હિન્દી (009) વિષયોની એકમ કસોટી યોજાયેલ નથી.

(8) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-03ના વિષયો સંસ્કૃત (129) / ફારસી (130) / અરબી (131) / પ્રાકૃત (132) અને હિન્દી (009) વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

(9) ધોરણ-12 સામાન્ય પ્રવાહ માટે જૂથ-04ના વિષયો અર્થશાસ્ત્ર (022), રાજ્યશાસ્ત્ર (023), ઈતિહાસ (029), આંકડાશાસ્ત્ર (135), તત્ત્વજ્ઞાન (ફિલોસોફી) (136), ચિત્રકામ સૈદ્ધાંતિક -પ્રાયોગિક (137-138), સમાજશાસ્ત્ર (139), સંગીત સૈદ્ધાંતિક - પ્રાયોગિક (146-147), ભૂગોળ (148), કમ્પ્યૂટર સૈદ્ધાંતિક - પ્રાયોગિક (331-332) અને સેક્રેટરીયલ પ્રૅક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (337) માંથી કોઈ પણ ત્રણ (03) વિષય પસંદ કરવાની જોગવાઈ છે.

(10) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-04ના વિષયો અર્થશાસ્ત્ર (022) ની ત્રણ (03) એકમ કસોટી અને આંકડાશાસ્ત્ર (135) ની બે (02) એકમ કસોટી યોજાયેલ છે.

(11) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-04ના અર્થશાસ્ત્ર (022) અને આંકડાશાસ્ત્ર (135) વિષયો માટે સામાયિક કસોટીના 100 ગુણ અને એકમ કસોટીના 25 ગુણ એમ કુલ મળીને 125 ગુણમાંથી મૂલ્યાંકન કરવાનું રહેશે.

(12) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-04ના વિષયો રાજ્યશાસ્ત્ર (023), ઈતિહાસ (029), તત્ત્વજ્ઞાન (ફિલોસોફી) (136), ચિત્રકામ સૈદ્ધાંતિક - પ્રાયોગિક (137-138), સમાજશાસ્ત્ર (139), સંગીત સૈદ્ધાંતિક - પ્રાયોગિક (146-147), ભૂગોળ (148), કમ્પ્યૂટર સૈદ્ધાંતિક - પ્રાયોગિક (331-332) અને સેક્રેટરીયલ પ્રૅક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (337) ની એકમ કસોટી યોજાયેલ નથી.

(13) ધોરણ-12 સામાન્ય પ્રવાહના જૂથ-04ના રાજ્યશાસ્ત્ર (023), ઈતિહાસ (029), તત્ત્વજ્ઞાન (ફિલોસોફી) (136), ચિત્રકામ સૈદ્ધાંતિક - પ્રાયોગિક (137-138), સમાજશાસ્ત્ર (139), સંગીત સૈદ્ધાંતિક - પ્રાયોગિક (146-147), ભૂગોળ (148), કમ્પ્યૂટર સૈદ્ધાંતિક - પ્રાયોગિક (331-332) અને સેક્રેટરીયલ પ્રૅક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર (337) વિષયો માટે પ્રથમ સામાયિક કસોટીના 100 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને મૂલ્યાંકન કરવાનું રહેશે.

આમ, જૂથ-02, જૂથ-03 અને જૂથ-04 માટે જે વિષયોની એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષયો માટે સામાયિક કસોટીના ગુણને ધ્યાને લઈ 100 ગુણની યોજાયેલ સામાયિક કસોટીમાંથી મેળવેલ ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરીને ગણતરી કરવાની રહેશે અને તે મુજબ મળવાપાત્ર ગુણ આપવાના રહેશે.

**પ્રાર્થના એ યાચના નથી, એ તો આત્માનો પોકાર છે. પ્રાર્થના પશ્ચાત્તાપનું એક ચિહ્ન છે. - ગાંધીજી**

**ક્રમ-C માટેના ગુણાંકન કરવાના વિવિધ ઉદાહરણો :**

(1) જે વિષયોમાં એકમ કસોટી યોજાયેલ છે તેવા વિષય માટેની ગણતરી :

**દા.ત. :**

(1) વાણિજ્ય વ્યવસ્થા (046) વિષયની 25 ગુણની ત્રણ એકમ કસોટી યોજાયેલ છે.

(2) વાણિજ્ય વ્યવસ્થા (046) વિષયની એક સામાયિક કસોટી (100 ગુણ) યોજાયેલ છે.

(3) તીર્થે વાણિજ્ય વ્યવસ્થા (046) વિષયની ત્રણ એકમ કસોટીઓમાં અનુક્રમે 18, 21 અને 22 ગુણ મેળવેલ છે. તે પૈકી મહત્તમ ગુણવાળી એકમ કસોટીના 22 ગુણ ધ્યાને લેવાના રહેશે.

(4) તીર્થે વાણિજ્ય વ્યવસ્થા (046) વિષયની સામાયિક કસોટીમાં 100 ગુણમાંથી 55 ગુણ મેળવેલ છે જે ધ્યાને લેવાના રહેશે.

(5) આમ, 100 ગુણની સામાયિક કસોટીમાંથી મેળવેલ 55 ગુણ અને 25 ગુણની મહત્તમ ગુણ વાળી એકમ કસોટીમાંથી મેળવેલ 22 ગુણનો સરવાળો કરતાં તીર્થ 125 ગુણમાંથી 77 ગુણ મેળવે છે.

(6) 125 ગુણમાંથી મેળવેલ 77 ગુણને 25 ગુણમાં રૂપાંતરિત કરતાં (77*25/125=15.40) 15.40 ગુણ થાય. 15.40 ગુણને પૂર્ણાંક રૂપાંતરિત કરતાં 15 ગુણ મળવાપાત્ર થાય.

(2) જે વિષયોમાં એકમ કસોટી યોજાયેલ નથી તેવા વિષય માટેની ગણતરી :

**દા.ત. :**

(1) મનોજે જૂથ-03 માંનો સંસ્કૃત (129) વિષય પસંદ કરેલ છે.

(2) સંસ્કૃત (129)વિષયની એકમ કસોટી યોજાયેલ નથી.

(3) સંસ્કૃત (129) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ 100 ગુણની સામાયિક કસોટીમાંથી મનોજે 70 ગુણ મેળવેલ છે.

(4) મનોજે 100 ગુણમાંથી મેળવેલ 70 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરતાં (125*70/100= 87.50) 87.50 ગુણ થાય.

(5) મનોજે 125 ગુણમાંથી રૂપાંતરિત કરેલ 87.50 ગુણને કોષ્ટક-C મુજબ ગુણાંકન કરતા 25 ગુણમાં રૂપાંતરિત કરતાં (87.50*25/125=17.50) 17.50 ગુણ થાય. 17.50 ગુણને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં 18 ગુણ મળવાપાત્ર થાય.

(3) જે વિષયોની એકમ કસોટી યોજાયેલ હોય પરંતુ ઉમેદવારે મહત્તમ ગુણ “00” (શૂન્ય) મેળવેલ હોય તેવા વિષય માટેની ગણતરી :

**દા.ત. :**

(1) પ્રવિણે જૂથ-04માં સમાજશાસ્ત્ર (139) વિષય પસંદ કરેલ છે.

(2) સમાજશાસ્ત્ર (139) વિષયની એકમ કસોટી યોજાયેલ છે પરંતુ પ્રવિણે એકમ કસોટીમાં “00” (શૂન્ય) ગુણ મેળવેલ છે.

(3) સમાજશાસ્ત્ર (139) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ 100 ગુણની સામાયિક કસોટીમાંથી પ્રવિણે 35 ગુણ મેળવેલ છે.

(4) પ્રવિણે 100 ગુણમાંથી મેળવેલ 35 ગુણને ધ્યાને લેવાના રહે. એકમ કસોટીમાં મેળવેલ ગુણ “00” (શૂન્ય) છે જે ગણતરીમાં લેવાના રહે.

(5) જેથી 100 ગુણમાંથી મેળવેલ ગુણ 35 ગુણને 125 ગુણમાંથી મેળવેલા ગુણ ગણાવાના રહે.

**મારું અસ્તિત્વ એક નિરંતર આશ્ચર્ય છે અને એ જ જીવન છે. - રવીન્દ્રનાથ ટાગોર**

(6) પ્રવિણે 125 ગુણમાંથી મેળવેલ ગુણ 35 ગુણને કોષ્ટકના ક્રમ-C મુજબ મહત્તમ 25 ગુણમાંથી રૂપાંતરિત કરતાં (35*25/125=07) 07 ગુણ મળવાપાત્ર થાય.

(4) વિદ્યાર્થી સામાયિક કસોટીમાં ગેરહાજર છે અને એકમ કસોટીમાં હાજર હોય તેવા વિષયની ગણતરી :

**દા.ત. :**

(1) પ્રવિણે જૂથ-03 માં મનોવિજ્ઞાન (141) વિષય પસંદ કરેલ છે.

(2) મનોવિજ્ઞાન (141) વિષયની સામાયિક કસોટીમાં પ્રવિણ ગેરહાજર રહેલ છે અને એકમ કસોટી યોજાયેલ છે અને પ્રવિણ એકમ કસોટીમાં 25 ગુણમાંથી 12 ગુણ મેળવેલ છે.

(3) મનોવિજ્ઞાન (141) વિષયની શાળા કક્ષાએ યોજાયેલ 100 ગુણની સામાયિક કસોટીમાં પ્રવિણ ગેરહાજર રહેલ છે. જેથી સામાયિક કસોટીમાં "00" (શૂન્ય) ગુણ ગણવાના રહેશે.

(4) પ્રવિણે સામાયિક કસોટીમાંથી મેળવેલ "00" (શૂન્ય) ગુણ અને એકમ કસોટીમાંથી મેળવેલ ગુણ 12 છે. જેથી સામાયિક કસોટી અને એકમ કસોટીના કુલ ગુણ 125 માંથી મેળવેલ ગુણ 12 ગણવાના રહે.

(5) જેથી પ્રવિણને 125 ગુણમાંથી 12 ગુણ મેળવેલ હોઈ કોષ્ટક ક્રમ-C મુજબ પ્રવિણે મેળવેલ 12 ગુણને 125 ગુણમાં રૂપાંતરિત કરતાં 25*12/125=2.4 ગુણ થાય. જેને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં 02 (બે) ગુણ મળવાપાત્ર થાય.

(5) જે વિષયોની એકમ કસોટી યોજાયેલ હોય પરંતુ ઉમેદવાર તમામ એકમ કસોટીઓમાં ગેરહાજર રહેલ હોય તેવા વિષય માટેની ગણતરી :-

**દા.ત. :-**

(1) દીપ જૂથ-04 માં સમાજશાસ્ત્ર (139) વિષય પસંદ કરેલ છે.

(2) સમાજશાસ્ત્ર (139)ની એકમ કસોટી યોજાયેલ છે પરંતુ દીપ ગેરહાજર રહેલ છે.

(3) સમાજશાસ્ત્ર (139) ની શાળા કક્ષાએ યોજાયેલ 100 ગુણની સામાયિક કસોટીમાંથી દીપે 67 ગુણ મેળવેલ છે.

(4) દીપે 100 ગુણમાંથી મેળવેલ 67 ગુણને ધ્યાને લેવાના રહે. એકમ કસોટીમાં ગેરહાજર રહેલ હોય એકમ કસોટીના ગુણ ગણતરીમાં લેવાના રહે નહિ.

(5) જેથી 100 ગુણમાંથી મેળવેલ ગુણ 67 ને 125 ગુણમાંથી મેળવેલા ગુણ ગણાવાના રહે.

(6) દીપે 125 ગુણમાંથી મેળવેલ ગુણ 67 ગુણને કોષ્ટકના ક્રમ-C મુજબ મહત્તમ 25 ગુણમાં રૂપાંતરિત કરતાં (67*25/125=13.40) 13.40 ગુણને પૂર્ણાંકમાં રૂપાંતરિત કરતાં 13 ગુણ મળવાપાત્ર થાય.

(6) ધોરણ-12 વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા માટે એકમ કસોટીઓ યોજાયેલ ન હોય તેવા વિષયો માટે સામાયિક પ્રથમ કસોટીના ગુણ ધ્યાને લઈ ક્રમ [C] મુજબ લાગુ પડતા વિષયોમાં ગુણની ગણતરી કરવાની રહેશે.

(1) ઉપર દર્શાવેલા માપદંડો B અને C માં જો કોઈ ઉમેદવાર તે કસોટીમાં ઉપસ્થિત ન હોય તો તે વિષય / વિષયોમાં '00' (શૂન્ય) ગુણ ગણતરીમાં લેવાના રહેશે.

(2) ધોરણ-12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા જે વિષયો પ્રાયોગિક પાસુ ધરાવતા હોય તે વિષયની પ્રાયોગિક પરીક્ષાનું ગુણાંકન ધોરણ-11 અને ધોરણ-12 ના અભ્યાસના આધારે જે તે વિષય શિક્ષકે કરવાનું રહેશે અને તે મુજબના ગુણ આપવાના રહેશે.

**દેવો કંઈ હાથમાં લાકડી લઈને જ માનવોની રક્ષા કરે છે તેમ નથી,**
**પરંતુ જેની રક્ષા કરવી હોય તેને સદ્‌બુદ્ધિરૂપી શસ્ત્ર અર્પણ કરે છે.**

(2) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું કારણ અને રિમાર્ક્સના ખાનામાં ''ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ થતાં'' તેવો ઉલ્લેખ કરવાનો રહેશે.

(3) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ઈસ્યુ કર્યા તારીખ 31/05/2021 દર્શાવવાની રહેશે.

(4) ગુણ તૂટ ક્ષમ્ય ગણવાની જોગવાઈ :-

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-2005) વિનિયમ-40 અને 41 ની જોગવાઈઓ મુજબ ગુણ તૂટ ક્ષમ્ય ગણવામાં આવશે.

(2) શાળા દ્વારા વિદ્યાર્થીઓના પરિણામ અપલોડ કર્યા બાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-2005) વિનિયમ અનુસાર મળવાપાત્ર ગુણની તૂટ માફ કરીને પરિણામ જાહેર કરવામાં આવશે.

(3) ઉમેદવારે પસંદ કરેલ વિષયમાં 33% થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમોના (સુધારેલ-2005) વિનિયમ અનુસાર ખૂટતા ગુણની તૂટ ક્ષમ્ય ગણી પરિણામ જાહેર કરવામાં આવે.

(4) આવા વિદ્યાર્થીઓના ગુણપત્રકમાં ગ્રેડ 'D' દર્શાવવામાં આવશે.

(5) પૂરક પરીક્ષાની જોગવાઈ :-

- પૂરક પરીક્ષા યોજવામાં આવશે નહિ.

(6) ગુણ ચકાસણીની જોગવાઈ :-

- બોર્ડ દ્વારા જાહેર પરીક્ષા યોજાયેલ ન હોય ગુણ ચકાસણીની જોગવાઈ લાગુ પડશે નહિ.

(7) ગ્રેડીંગ પધ્ધતિ :-

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| 1 | 91 થી 100 | A1 |
| 2 | 81 થી 90 | A2 |
| 3 | 71 થી 80 | B1 |
| 4 | 61 થી 70 | B2 |
| 5 | 51 થી 60 | C1 |
| 6 | 41 થી 50 | C2 |
| 7 | 33 થી 40 | D |
| 8 | 21 થી 32 | E1 |
| 9 | 20 થી ઓછા | E2 |

(8) શાળા પરિણામ સમિતિની રચના :-

- દરેક ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળામાં શાળા પરિણામ સમિતિની રચના કરવાની રહેશે. શાળાના આચાર્ય શાળા પરિણામ સમિતિના અધ્યક્ષ રહેશે.

**આપણે કયારેય એટલા સુખી નથી હોતા અને કયારેય એટલા દુઃખી નથી હોતા જેટલા આપણે સમજતા હોઈએ છીએ.**

(9) મૂલ્યાંકનના આધારો અને તેની જાળવણી :-

(1) ધોરણ-12 ના પરિણામ તૈયાર કરવાની અને તેના રેકર્ડની વિશ્વસનીયતા અને જાળવણી અંગેની જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

(2) શાળા દ્વારા પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ આધારોનો રેકર્ડ પાંચ વર્ષ સુધી સાચવવાનો રહેશે.

(3) દરેક શાળાએ પરિણામના આધાર તરીકે લીધેલ તમામ આધાર ઉપર શાળા પરિણામ સમિતિના સભ્યોની સહી લેવાની રહેશે અને ઉક્ત આધારો શાળાના આચાર્યની કસ્ટડીમાં રાખવાના રહેશે અને જ્યારે જિલ્લાશિક્ષણાધિકારી, નિયામક શાળાઓની કચેરી કે બોર્ડ દ્વારા કે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ દ્વારા વેરીફિકેશન માટે મંગાવવામાં આવે ત્યારે ઉપલબ્ધ કરવાના રહેશે.

(10) બોર્ડ દ્વારા પરિણામના રેકર્ડની ચકાસણી :-

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12 ના પરિણામ તૈયાર કરવા માટે ઉપયોગમાં લીધેલ દસ્તાવેજોની ખરાઈ કરાવવામાં આવશે અને આ માટે વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે.

(11) ઓનલાઈન માહિતી અપલોડ કરવાની પ્રક્રિયા :-

- બોર્ડ દ્વારા તૈયાર કરેલ પોર્ટલ ઉપર શાળા દ્વારા દરેક નિયમિત ઉમેદવારો માટે નિયત કરેલી કાર્ય પધ્ધતિને અનુસરી શાળા પરિણામ સમિતિ દ્વારા મંજૂર કર્યા મુજબના વિષયવાર ગુણ મુજબનું પરિણામ અપલોડ કરવાનું રહેશે. શાળાના આચાર્ય અંતિમ તારીખ સુધી કોઈ પણ સમયે સુધારાવધારા કરી શકશે. અંતિમ તારીખ બાદ સુધારાને અવકાશ રહેશે નહિ અને સમયપત્રક મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

(12) મૂલ્યાંકનના નિયત કરેલ પધ્ધતિમાં ઉમેદવારની ગેરહાજરી :-

- ઉમેદવાર ગેરહાજર હોય તો જે તે વિષયના મૂલ્યાંકન માટે “00” (શૂન્ય) ગુણ ગણવાના રહેશે. નિયમોનુસાર મળવાપાત્ર ગુણ તૂટ માફ કરીને પાસ જાહેર થશે અને આવા કિસ્સામાં વિદ્યાર્થી કે વાલી ઈચ્છે તો NC કરાવી શકે અને બોર્ડની આગામી જાહેર પરીક્ષામાં નિયમિત ઉમેદવાર તરીકે ઉપસ્થિત થઈ શકશે.

(13) દિવ્યાંગ વિદ્યાર્થીઓના કિસ્સાના ધારા-ધોરણો :-

- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રત્યેક વિષયમાં પાસ થવાનું ધોરણ 20% મુજબનું રહેશે.

(14) ગુણપત્રક અને પરીક્ષા પાસ કર્યા બદલના પ્રમાણપત્ર :-

- દરેક વિદ્યાર્થીને બોર્ડ દ્વારા તૈયાર કરેલ નીતિ મુજબ વિદ્યાર્થીઓને ગુણ દર્શાવતું ગુણપત્રક આપવામાં આવશે.
- ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ધોરણ-12 પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.

(15) બોર્ડની સૂચનાનું ઉલ્લંઘન કરનાર સામે પગલાં :-

- બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવા માટે અપાયેલ સૂચના મુજબ યોગ્ય સાચું અને જરૂરી આધારો સિવાયની કામગીરી કરે તો તેની સામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ની જોગવાઈ મુજબ કાર્યવાહીના અધિકારો રહેશે. જેમાં,

**જેમ એક પૈડાં વડે રથ ચાલી શકતો નથી તેમ પુરુષાર્થ વિના પ્રારબ્ધ સિદ્ધ થતું નથી.**

(1) શાળાની નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવી અને/અથવા

(2) શાળાને નાણાકીય દંડ કરવો અથવા

(3) વર્ષ-2021 નું ધોરણ-12 નું પરિણામ જ્યાં સુધી શાળા દ્વારા સ્પષ્ટતા અને પૂર્તતા ન થાય ત્યાં સુધી અટકાવવું.

(16) કામગીરીનું સમયપત્રક :-

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| 1 | બોર્ડ દ્વારા જાહેર કરેલ પધ્ધતિ મુજબ વિદ્યાર્થીઓના પરિણામનું શાળાઓ દ્વારા આખરીકરણ | તા.19/06/2021 થી 25/06/2021 સુધી |
| 2 | શાળાઓ દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની કાર્યવાહી | તા.25/06/2021 થી તા.01/07/2021 સુધી |
| 3 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ઓનલાઈન પરિણામની જાહેરાત | • ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ જુલાઈના બીજા અઠવાડિયામાં<br>• ધોરણ-12 સામાન્ય પ્રવાહ જુલાઈના ત્રીજા અઠવાડિયામાં |
| 4 | બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્રનું વિતરણ | જુલાઈના અંતિમ અઠવાડિયામાં |

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સ્થળ :- ગાંધીનગર
તા. 19/06/2021

બીજાને નાના સમજવાનું સહેલું છે, પણ પોતાને નાના સમજવાનું ઘણું મુશ્કેલ છે.

## પરિશિષ્ટ-(ક)

### ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના વિષયો સાથે ધોરણ-10ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-12 વિષય માળખું | | જૂથ | ધોરણ-10 ના વિષય | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | | વિષય કોડ-1 | વિષયનું નામ | વિષય કોડ-2 | વિષયનું નામ |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | |
| 2 | 013 | ENGLISH (S.I.) | 1 | 016 | ENGLISH SL | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | |
| 5 | 003 | MARATHI {F.L.) | 2 | 003 | MARATHI FL | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | |
| 7 | 005 | SINDHI D/A(F.L) | 2 | 006 | SINDHI FL | | |
| 8 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | |
| 9 | 009 | HINDI (S.L) | 2 | 014 | HINDI SL | | |
| 10 | 129 | SANSKRIT | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 11 | 131 | ARABIC | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 12 | 331 | COMPUTER | 2 | 014/015/017/019/020/021 | third language | | |
| 13 | 332 | COMPUTER PRACT. | 2 | to be filled | | | |
| 14 | 050 | MATHEMATICS | 3 | 012 | MATHS | | |
| 15 | 052 | CHEMISTRY | 3 | 011 | SCIENCE | 012 | MATHS |
| 16 | 053 | CHEMISTRY PRACT | 3 | to be filled | | | |
| 17 | 054 | PHYSICS | 3 | 011 | SCIENCE | 012 | MATHS |
| 18 | 055 | PHYSICS PRACT. | 3 | to be filled | | | |
| 19 | 056 | BIOLOGY | 3 | 011 | SCIENCE | | |
| 20 | 057 | BIOLOGY PRACT. | 3 | to be filled | | | |

દરેક માણસ પોતાનું આંગણું વાળી નાખે એટલે આખી દુનિયા ચોખ્ખી થઈ જાય.

## પરિશિષ્ટ-(ખ)

### ધોરણ-12 સામાન્ય પ્રવાહના વિષયો સાથે ધોરણ-10ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-12 વિષય માળખું | | | ધોરણ-10 ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | |
| 4 | 002 | HINDI (F.L.) | 2 | 002 | HINDI FL | | | |
| 5 | 003 | MARATHI (F.L.) | 2 | 003 | MARATHI FL | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | |
| 7 | 005 | SINDHI (F.L) | 2 | 006 | SINDHI FL | | | |
| 8 | 007 | TAMIL (F.L) | 2 | 007 | TAMIL | | | |
| 9 | 008 | GUJARATI (S.L) | 2 | 013 | GUJARATI SL | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | |
| 11 | 046 | ORG. OF CQMM. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 12 | 129 | SANSKRIT | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 13 | 130 | PERSIAN | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 14 | 131 | ARABIC | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 15 | 132 | PRAKRUT | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 16 | 141 | PSYCHOLOGY | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 17 | 154 | ELEMENTS OF ACCT. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 18 | 022 | ECONOMICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 19 | 023 | POLITICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 20 | 029 | HISTORY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 21 | 135 | STATISTICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 22 | 136 | PHILOSOPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 23 | 137 | DRAWING (THEORY) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 24 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 25 | 146 | MUSIC (THEORY) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 26 | 148 | GEOGRAPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 27 | 331 | COMPUTER -T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 28 | 332 | COMPUTER - P | 4 | to be filled | | | | |
| 29 | 337 | SEC. PRACTICE | 4 | 010 | | 011 | SCIENCE | FL |

શું પ્રાર્થનાની ખરેખર કોઈ અસર થાય છે ખરી ? હા, જ્યારે મન અને વાણી એક બનીને કોઈ ચીજ માગે છે તો એ પ્રાર્થનાનો જવાબ મળે છે. - રામકૃષ્ણ પરમહંસ

## પરિશિષ્ટ - ખ (1)

### ધોરણ-12 વ્યવસાયલક્ષી પ્રવાહના વિષયો સાથે ધોરણ-10ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-12 વિષય માળખું | | | ધોરણ-10 ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | |
| 2 | 013 | ENGLISH (S.L.) | 1 | 016 | ENGLISH SL | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | |
| 4 | 002 | HINDI (F.L) | 2 | 002 | HINDI FL | | | |
| 5 | 003 | MARATHI (F.L) | 2 | 003 | MARATHI FL | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | |
| 7 | 005 | S1NDHI (F.L.) | 2 | 006 | SINDHI FL | | | |
| 8 | 007 | TAMIL (F.L) | 2 | 007 | TAMIL | | | |
| 9 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | |
| 11 | 058 | SOCIAL SCI.-T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 12 | 154 | ELEMENTS OF ACCT. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 13 | 331 | COMPUTER - T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 14 | 156 | ENTREPRENEUR.-T | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 15 | 158 | BIO. &AGRI. CHE. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 16 | 178 | ECO.&BUSS.ADMN. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 17 | 216 | SOCIO. PSY.& ECO. | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 18 | 254 | PHY. & MATHS | 3 | 010 | SOCIAL SCIENCE | Third language | | |
| 19 | 165 | CROPS - 1 (T) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 20 | 167 | CROPS - 11 (T) | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 21 | 169 | FARM MANG.& EXP-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 22 | 171 | ANIMAL ART INC.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 23 | 173 | MILK-MILK PROD.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 24 | 175 | DAIRY EX.ECO.AC-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 25 | 179 | OFF.METH.CORR.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 26 | 181 | GUJARATI TYPE-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 27 | 183 | CORR. & DRAFT-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 28 | 203 | ACCT.& AUDIT.Pi-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 29 | 205 | ACCT. AUDIT.P1I-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 30 | 207 | ACCT.AUDIT.PHI-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 31 | 217 | ADV.HOUSE KEEP-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |

પ્રાર્થના આપણને પરમાત્મા સાથે મેળવી આપે છે. - વિલિયમ લો

## પરિશિષ્ટ - ખ (1)

### ધોરણ-12 વ્યવસાયલક્ષી પ્રવાહના વિષયો સાથે ધોરણ-10ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-12 વિષય માળખું | | | ધોરણ-10 ના વિષય | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય |
| 32 | 219 | INT. DECOR.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 33 | 221 | SOCI.-REPO.MATT-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 34 | 223 | FOOD PROCESSING-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 35 | 225 | PLANT M.FOOD P.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 36 | 227 | BAKERY-CONFEC.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 37 | 235 | PATTERN MAKING-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 38 | 237 | ADV.CLOTH MAK.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 39 | 239 | FANCY DRESS MAK-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 40 | 325 | S.A.D.M-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 41 | 327 | COMPUTER APPLi.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 42 | 329 | PROG.LANGUAGE-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL |
| 43 | 332 | COMPUTER -P | | to be filled | | | | |

વિચાર વિના શીખવું એ મહેનત બરબાદ કર્યા જેવું છે અને વિવેક વિના વિચારવું ભયંકર છે. - કન્ફ્યુશિયસ

## પરિશિષ્ટ-(ગ)
### ધોરણ-12 ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહના વિષયો સાથે ધોરણ-10ના વિષયોનું અનુબંધ

| ક્રમ | ધોરણ-12 વિષય માળખું | | | ધોરણ-10 ના વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિષય કોડ | વિષયનું નામ | જૂથ | વિષય કોડ | પ્રથમ વિષય | બીજો વિષય | વિષયનું નામ | ત્રીજો વિષય | વિષયનું નામ |
| 1 | 006 | ENGLISH (F.L.) | 1 | 004 | ENGLISH FL | | | | |
| 2 | 013 | ENGLISH (S.L,) | 1 | 016 | ENGLISH SL | | | | |
| 3 | 001 | GUJARATI (F.L.) | 2 | 001 | GUJARATI FL | | | | |
| 4 | 002 | HINDI (F.L) | 2 | 002 | HINDI FL | | | | |
| 5 | 003 | MARATHI (F.L) | 2 | 003 | MARATHI FL | | | | |
| 6 | 004 | URDU (F.L.) | 2 | 005 | URDU FL | | | | |
| 7 | 005 | SINDHI(F.L) | 2 | 006 | SINDHI FL | | | | |
| 8 | 007 | TAMIL (F.L.) | 2 | 007 | TAMIL | | | | |
| 9 | 008 | GUJARATI (S.L.) | 2 | 013 | GUJARATI SL | | | | |
| 10 | 009 | HINDI (S.L.) | 2 | 014 | HINDI SL | | | | |
| 11 | 060 | KRUSHIVIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 12 | 068 | GRUH VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 13 | 076 | VASTRA VIOYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 14 | 080 | PASHU. DAIRY SCt-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 15 | 351 | VAN V.ARU.VIDYA-T | 3 | 010 | SOCIAL SCIENCE | | | | |
| 16 | 352 | VAN V.ARU.VIDYA-H | 3 | to be filled | | | | | |
| 17 | 022 | ECONOMICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 18 | 023 | POLITICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 19 | 029 | HISTORY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 20 | 135 | STATISTICS | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 21 | 136 | PHILOSOPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 22 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 23 | 148 | GEOGRAPHY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 24 | 331 | COMPUTER -T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 25 | 332 | COMPUTER -P | 4 | to be filled | | | | | |
| 26 | 046 | ORG.OF CQMM. | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 27 | 058 | SOCIAL SCI.-T | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 28 | 111 | SAHKAR PANCHAYAT | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 29 | 129 | SANSKRIT | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 30 | 139 | SOCIOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 31 | 141 | PSYCHOLOGY | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |
| 32 | 154 | ELEMENTS OF ACCT. | 4 | 010 | SOCIAL SCIENCE | 011 | SCIENCE | FL | Third language |

માતાનો પ્રેમ માણસને માટે સાચે જ જીવનનો સૌથી મોટામાં મોટો આશીર્વાદ છે. - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા
વિનિયમો (સુધારેલા)- 2005ના વિનિયમ 40(1) અને
40(4)માં સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1221/741/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 19-06-2021

**વંચાણે લીધા :**

(1) શિક્ષણ વિભાગનો તા. 04-06-2021નો ઠરાવ ક્રમાંક : મશબ/1221/552/છ.

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. 17-06-2021નો પત્ર ક્રમાંક : મઉમશબ/મા.& ઉ.મા.પરીક્ષા /2021/192

**આમુખ :**

કોરોના (કોવિડ-19) ની ફેલાયેલી વૈશ્વિક મહામારીના કારણે સને 2021ના વર્ષમાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા નિયમિત વિદ્યાર્થીઓની બોર્ડની જાહેર પરીક્ષા-2021 રદ કરી કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે પરિણામ તૈયાર કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવેલ હતો. જે અન્વયે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (1) સામેના તા. 04-06-2021ના ઠરાવથી ધોરણ-12ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને આપવાના પરિણામ પત્રક તૈયાર કરવા તેમજ ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની પદ્ધતિ અંગેની જોગવાઈઓ અંગેની ભલામણો નક્કી કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમિતિની ભલામણોને રાજ્ય સરકારની મંજૂરી માટે તેમજ ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓના પરિણામ પત્રક તૈયાર કરવા માટે વર્ષ-2021 પૂરતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલા) - 2005ના વિનિયમ 40(1) અને 40(4) માં આ સાથે સામેલ પત્રક-બ મુજબ સુધારા કરી આપવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (2) સામેના તા.17-06-2021ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે સને 2021ના વર્ષમાં ધોરણ-12ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને આપવાના પરિણામ પત્રક તૈયાર કરવા તેમજ ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની પદ્ધતિ અંગેની જોગવાઈઓ અંગેની સમિતિની ભલામણોને તેમજ વર્ષ-2021 પૂરતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો (સુધારેલ)-2005ના વિનિયમ 40(1) અને 40(4) માં આ સાથે સામેલ પત્રક-બ મુજબ સુધારેલી જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેની આનુષાંગિક કાર્યવાહી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા. 19-06-2021ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ. પટેલ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-10/બી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આઈ.ટી. સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના. સે.અ. સિલેકટ ફાઈલ.
- સિલેકટ ફાઈલ.

**ઉત્તમ માનવી બોલવામાં ધીરો હોય છે, પણ કાર્ય કરવામાં ઉતાવળો હોય છે. - કૉન્ફ્યૂશિયસ**

**શિક્ષણ વિભાગના તા.19-06-2021ના ઠરાવ ક્રમાંક : મશબ/1221/741/છ સાથેનું બિડાણ**

**પત્રક-બ**

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઈ | સુધારા માટે સૂચવેલ જોગવાઈ |
|---|---|---|---|
| 1 | 40(1) | જો પૃથ્થક ઉમેદવારો સિવાયના કોઈ ઉમેદવાર કોઈ પણ વિષયમાં ૩૩ ગુણથી વધુ નહીં તેટલા ગુણથી 'D' (ડી) ગ્રેડ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થશે તો આવી ગુણ-તૂટને ક્ષમ્ય ગણવામાં આવશે. ઉપરોક્ત લાભ તમામ વિષયોમાં આપવાપાત્ર રહેશે અને આ રીતે મહત્તમ 198 ગુણથી વધુ નહીં તેટલા ગુણની તૂટ ક્ષમ્ય ગણવાની રહેશે. | જો પૃથ્થક ઉમેદવારો સિવાયના કોઈ ઉમેદવાર બધા વિષયોમાં મળીને પાંચ ગુણથી વધુ નહીં તેટલા ગુણથી 'D' (ડી) ગ્રેડ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ થશે તો આવી ગુણ-તૂટને ક્ષમ્ય ગણવામાં આવશે. |
| 2 | 40(4) | ઉપરોક્ત પેટા નિયમ -40(1) ને અનુલક્ષીને સફળ જાહેર કરેલા ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર પોતાને સદરહુ 40(1) નો લાભ જોઈતો નથી તેવી લેખિત રજૂઆત (તેના વાલીની લેખિત સંમતિ સાથે) પરિણામ જાહેર થયાની તારીખથી 10 દિવસમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રજૂ કરશે તો તેવા કિસ્સામાં જે તૂટ ક્ષમ્ય ગણવામાં આવી હોય તે રદ કરીને ઉમેદવારને એ શરતે યથા પ્રસંગ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અથવા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર મેળવવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે કે ઉમેદવારને જે ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ તરફથી મળ્યું હોય તે તેમણે તેમની ઉપર મુજબની અરજીની સાથે જ બોર્ડમાં પરત એટલે કે જમા કરાવવાનું રહેશે. આવા ઉમેદવારો તરત પછીની જુલાઈ/ માર્ચની પરીક્ષામાં ફરીથી ઉપસ્થિત થઈ શકશે. | ઉપરોક્ત પેટા નિયમ-40(1) ને અનુલક્ષીને સફળ જાહેર કરેલા ઉમેદવારો પૈકી જો કોઈ ઉમેદવાર પોતાને સદરહુ 40(1)નો લાભ જોઈતો નથી. તેવી લેખિત રજૂઆત (તેના વાલીની લેખિત સંમતિ સાથે) પરિણામ જાહેર થયાની તારીખથી 30 દિવસમાં શાળાના આચાર્યશ્રી મારફતે બોર્ડને રજૂ કરશે તો તેવા કિસ્સામાં જે તૂટ ક્ષમ્ય ગણવામાં આવી હોય તે રદ કરીને ઉમેદવારને એ શરતે યથા પ્રસંગ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર અથવા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર મેળવવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે કે ઉમેદવારને જે ગુણપત્રક અને પ્રમાણપત્ર બોર્ડ તરફથી મળ્યું હોય તે તેમણે તેમની ઉપર મુજબની અરજીની સાથે જ બોર્ડમાં પરત એટલે કે જમા કરાવવાનું રહેશે. આવા ઉમેદવારો તરત પછીની જુલાઈ / માર્ચની પરીક્ષામાં ફરીથી ઉપસ્થિત થઈ શકશે. |

**આપણી અંદરની ગંદકીને આપણે બહાર ન કાઢીએ ત્યાં સુધી પ્રાર્થના કરવાનો આપણને હક નથી. - ગાંધીજી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-
1974ના વિનિયમ ક્રમાંક-43માં સુધારા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : મશબ/1211/943/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 19-06-2021

**વંચાણે લીધા :**

(1) શિક્ષણ વિભાગનો તા. 17-08-2011નો ઠરાવ ક્રમાંક : મશબ/1211/943/છ.

(2) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ-ગુજરાત એક્ટ નં. 16/2021.

(૩) શિક્ષણ વિભાગનું તા.01-06-2021નું જાહેરનામું ક્રમાંક : GH/SH/12/MSB/1220/885/CHH.

(૪) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. 05-06-2021નો પત્ર ક્રમાંક : મઉમશબ/શા.નિ. /1123.

**આમુખ :**

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (1) સામેના તા.17-08-2011ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-43માં સુધારા કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (2) સામેના જાહેરનામાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ-ગુજરાત એકટ નં. 16/2021 થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972ની કલમ-40(ક) માં સુધારો કરવામાં આવેલ છે. જેનો વાસ્તવિક અમલ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (3) સામેના જાહેરનામાથી તા.01-06-2021થી કરવામાં આવેલ છે. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક-43માં આ સાથે સામેલ પત્રક-ઝ મુજબ સુધારો કરવા બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (4) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક-43માં આ સાથે સામેલ પત્રક-ઝ મુજબના સુધારાને આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.10-06-2021ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ. પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-10/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/2જો માળ, ડૉ. જે.એમ. ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-1 શાખા, ગ-2 શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ. (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફત)
- સિસ્ટમ મેનેજરશ્રી, કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.
- ના. સે.અ. સિલેકટ ફાઈલ.
- સિલેકટ ફાઈલ.

**મને મળી નિષ્ફળતા અનેક, તેથી થયો સફળ કંઈક જિંદગીમાં. - ઉમાશંકર જોશી**

**શિક્ષણ વિભાગના તા.19-06-2021ના ઠરાવ ક્રમાંક : મશબ/1211/943/છ સાથેનું બિડાણ**
**પત્રક-ઝ**

| ક્રમ | વિનિયમ ક્રમ | હાલની જોગવાઈ | સુધારા માટે સૂચવેલ જોગવાઈ |
|---|---|---|---|
| 1 | 43 | વિનિયમો 19, 21, 22, 24,25, 26, 27, 28, 29, 30, 31, 32,33, 36, 37, 40 અને વિનિયમ 41ના પેટા ખંડો (4), (5) અને (6) માંનો કોઈ પણ મજકૂર, ધર્મ કે ભાષા ઉપર આધારિત લઘુમતિએ સ્થાપેલી અને તેના દ્વારા વહીવટ ચાલતો હોય તેવી કોઈ શૈક્ષણિક સંસ્થાને લાગુ પડશે નહીં. | વિનિયમો 27 અને 33માંનો કોઈ પણ મજકૂર, ધર્મ કે ભાષા ઉપર આધારિત લઘુમતિએ સ્થાપેલી અને તેના દ્વારા વહીવટ ચાલતો હોય તેવી કોઈ શૈક્ષણિક સંસ્થાને લાગુ પડશે નહીં. |

## લેખકમિત્રોને ખાસ સૂચના

લેખકમિત્રોને ખાસ સૂચના છે કે હવે આગામી અંકો માટે આપના લેખ શૈક્ષણિક, સાંપ્રત પ્રવાહોને વાચા આપે તેવા, મૌલિક તેમજ બે-ત્રણ પાનાંની મર્યાદામાં જોડણીશુધ્ધ લખાણ સાથે મોકલશો. એક સાથે વધુ લેખો ન મોકલતાં સમયાંતરે જરૂર જણાય ત્યાં પ્રાસંગિક, શૈક્ષણિક, સાંપ્રત પ્રવાહો અને નવી શિક્ષણનીતિ સંદર્ભે તથા આપના વિષય સંદર્ભે અદ્યતન વિગતો સાથેના લેખ આપની સહી - નામ - સરનામા - પીનકોડ નંબર - મોબાઈલ નંબર સાથે જ મોકલવા વિનંતી. જો આપ શાળા-કૉલેજના આચાર્યશ્રી તથા શિક્ષક - અધ્યાપક હો તો તે લેખ સંસ્થાના લેટરપેડ પર પ્રમાણિત વિગત સાથે સહી-સિક્કા કરીને જ મોકલશો. ફોરવર્ડિંગ પત્ર લેખ સાથે જોડવો જરૂરી છે. આપના દ્વારા પ્રકાશિત થયેલા કોઈ પુસ્તકમાં આવા લેખો હોય તો ટપાલ/ઈમેઈલ કે કુરિયર દ્વારા લેખ/પુસ્તક મોકલી શકો છો. ભાષાશુધ્ધિ અને જોડણીશુધ્ધિવાળા લખાણ સાથે સુંદર હસ્તાક્ષરવાળા કે કમ્પ્યૂટર પ્રિન્ટ કરેલા લેખો આવકાર્ય છે. આપનો લેખ મૌલિક છે તે અંગે આપનું પ્રમાણપત્ર આવશ્યક છે.

**પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક જગ્યાએ પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય થયું એટલે તેણે માનું સર્જન કર્યું. - એડિસન**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## વંદે ગુજરાત ચેનલ-9 'બાયસેગ'ના શૈક્ષણિક કાર્યક્રમો : જુલાઈ-2021 ધોરણ-9

| તારીખ/વાર | સમય/વિષય | | | | |
|---|---|---|---|---|---|
| | વિજ્ઞાન (0-1) | ગણિત (1-2) | ગુજરાતી (2-3) | અંગ્રેજી (3-4) | સામાજિક વિજ્ઞાન (4-5) |
| 1.7.21 ગુરૂવાર | સજીવનો પાયાનો એકમ પ્ર-5 ભાગ-1 | બહુપદીઓ પ્ર-2 ભાગ-1 | પછે શામળિયોજી બોલિયા પદ્ય-3 | Dental Health Read-2 Part-1 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-1 |
| 2.7.21 શુક્રવાર | સજીવનો પાયાનો એકમ પ્ર-5 ભાગ-2 | બહુપદીઓ પ્ર-2 ભાગ-2 | ગોપાળબાપા ગદ્ય-4 | Dental Health Read-2 Part-2 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-2 |
| 3.7.21 શનિવાર | સજીવનો પાયાનો એકમ પ્ર-5 ભાગ-3 | બહુપદીઓ પ્ર-2 ભાગ-3 | ગુર્જરીના ગૃહકુંજે પદ્ય-5 | Dental Health Read-2 Part-3 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-3 |
| 4.7.21 રવિવાર | સજીવનો પાયાનો એકમ પ્ર-5 ભાગ-4 | બહુપદીઓ પ્ર-2 ભાગ-4 | સંજ્ઞા અને વિશેષણ | Mohan and his Veena Read-3 Part-1 | મૂળભૂત હકો,મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્ર-9 ભાગ-1 |
| 5.7.21 સોમવાર | સજીવનો પાયાનો એકમ પ્ર-5 ભાગ-5 | બહુપદીઓ પ્ર-2 ભાગ-5 | વિશેષણ અને તેના પ્રકાર | Mohan and his Veena Read-3 Part-2 | મૂળભૂત હકો,મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્ર-9 ભાગ-2 |
| 6.7.21 મંગળવાર | ગતિ પ્ર-8 ભાગ-1 | બહુપદીઓ પ્ર-2 ભાગ-6 | ક્રિયાવિશેષણ, નિપાત, વાક્યપરિવર્તન | Mohan and his Veena Read-3 Part-3 | ભારતઃ સ્થાન, રચના અને ભૂસ્તરીય ભૂપૃષ્ઠ-1 પ્ર-13 |
| 7.7.21 બુધવાર | ગતિ પ્ર-8 ભાગ-2 | સંભાવના પ્ર-15 ભાગ-1 | નિબંધ અને પત્રલેખન | Direct Indirect Part-1 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-1 |
| 8.7.21 ગુરૂવાર | ગતિ પ્ર-8 ભાગ-3 | સંભાવના પ્ર-15 ભાગ-2 | પછે શામળિયોજી બોલિયા પદ્ય-3 | Direct Indirect Part-2 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-2 |
| 9.7.21 શુક્રવાર | ગતિ પ્ર-8 ભાગ-4 | સંભાવના પ્ર-15 ભાગ-3 | ગોપાળબાપા ગદ્ય-4 | Dental Health Read-2 Part-1 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-3 |
| 10.7.21 શનિવાર | ગતિ પ્ર-8 ભાગ-5 | સંભાવના પ્ર-15 ભાગ-4 | ગુર્જરીના ગૃહકુંજે પદ્ય-5 | Dental Health Read-2 Part-2 | મૂળભૂત હકો,મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્ર-9 ભાગ-1 |
| 11.7.21 રવિવાર | ગતિ પ્ર-8 ભાગ-6 | સંભાવના પ્ર-15 ભાગ-5 | સંજ્ઞા અને વિશેષણ | Dental Health Read-2 Part-3 | મૂળભૂત હકો,મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્ર-9 ભાગ-2 |
| 12.7.21 સોમવાર | ગતિ પ્ર-8 ભાગ-7 | બહુપદીઓ પ્ર-2 ભાગ-1 | વિશેષણ અને તેના પ્રકાર | Mohan and his Veena Read-3 Part-1 | ભારતઃ સ્થાન, રચના અને ભૂસ્તરીય ભૂપૃષ્ઠ-1 પ્ર-13 |
| 13.7.21 મંગળવાર | ગતિ પ્ર-8 ભાગ-8 | બહુપદીઓ પરિચય પ્ર-2 ભાગ-2 | ક્રિયાવિશેષણ, નિપાત, વાક્યપરિવર્તન | Mohan and his Veena Read-3 Part-2 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-1 |
| 14.7.21 બુધવાર | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-1 | બહુપદીઓ પરિચય પ્ર-2 ભાગ-3 | નિબંધ અને પત્રલેખન | Mohan and his Veena Read-3 Part-3 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-2 |
| 15.7.21 ગુરૂવાર | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-2 | બહુપદીઓ પ્ર-2 ભાગ-4 | પછે શામળિયોજી બોલિયા પદ્ય-3 | Direct Indirect Part-1 | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ પ્ર-2 ભાગ-3 |
| 16.7.21 શુક્રવાર | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-3 | બહુપદીઓ પ્ર-2 ભાગ-5 | ગોપાળબાપા ગદ્ય-4 | Direct Indirect Part-2 | મૂળભૂત હકો,મૂળભૂત ફરજો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પ્ર-9 ભાગ-1 |
